શ્રી આવશ્યક સૂત્ર

મૂળ તથા ગુજરાતીમાં

મોટા ખામણા સાથે પ્રતિક્રમણ



વીર સંવત ૨૫૦૩ મહાવીરજયન્તી વિક્રમ સંવત ૨૦૩૩

આવૃત્તિ ૩ જી સુવર્ણપુરી પ્રત ૧૦૦૦



અનુવાદક :

આચાર્ય પંડિતરત્ન

શ્રી ચંપક મુનિજી મ

બરવાળા

અમૃતલાલ ધનજીભાઈ ભલાણી
મુ. પરવાળા (ગિરનારા)
વાયા મહુવા (સૌરાષ્ટ્ર)

શાંતિલાલ ધનજીભાઈ ભલાણી
૧૧, મહેતા બિલ્ડિંગ, લખમશી નપુ રોડ
માટુંગા, મુંબઈ - ૧૯ C. R.
ફોન ઓફિસ : ૪૪૭૬૫૦

ભલાણી મેડીકલ બુક હાઉસ
૧૧, માવાવાળા બિલ્ડિંગ
કે. ઈ. એમ. હોસ્પિટલ સામે
પરેલ, મુંબઈ-૧૨

છોટાલાલ ધનજીભાઈ ભલાણી
ઠે. ગિરધરનગર, બ્લોક નં. બી. ૫૬
જીવદયા લેન, આગ્રા રોડ
ઘાટકોપર (વેસ્ટ) મુંબઈ - ૮૬

સ્વ. શ્રી મોંઘીબહેન ધનજીભાઇ ભલાણી



સ્વર્ગવાસ ૯-૩-૭૫ બરવાળા

—: આવૃત્તિ ૩જી સુણાવમાંથી :—

આ એક આગમનું નાનકડું પણ ખૂબ જ કિંમતી પુષ્પ છે. 'કિંમતીનો અર્થ જરૂરી' જરૂરી એટલે જીવનમાં વણવા જેવું નિત્ય આચરવામાં મૂકવાનું છે.

જેમ વેપારી દરરોજ સાંજના જમાઉધારનો સરવાળો કરી મેળ મેળવે છે, ઠીક એવી જ રીતે ભગવાન મહાવીર દેવના સંઘમાં રહેલ સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકાને સવારસાંજ જીવનનો હિસાબ તપાસી જવો જોઈએ. આ હિસાબનું નામ જ પ્રતિક્રમણ છે.

અવશ્ય કરવું જ જોઈએ, માટે આવશ્યક નામ રાખ્યું છે. જો તીર્થમાં રહેવું હોય તો સામાયિક પ્રતિક્રમણ કરવા જ જોઈએ.

દિવસ અને રાત્રિના લાગેલ દોષનું શુદ્ધિકરણ કરવું જરૂરી છે પશ્ચાત્તાપેન શુદ્ધતે ' પશ્ચાતાપથી શુદ્ધિ થાય છે માટે પશ્ચા-તાપ કરી વ્રતની શુદ્ધિ કરો.

આપણે હંમેશાં સ્નાન કરીએ છીએ ને ? મકાનમાંથી બે વખત ઝાડું (કચરો) કાઢીએ છી ને ? ન કાઢીએ તો શું થાય ? મકાન કચરો (૨) થઈ જાય. ત્યારે એવી જ રીતે વ્રતોમાં લાગેલ કચરો નહિ કાઢવામાં આવે તો વ્રતોમાં કચરો (૨) થઈજશે અને એમ અતિચારો વધતાં ચારિત્ર તદ્દન મેલું થઈ જશે; માટે જ ભગવાને આવશ્યક સૂત્ર પ્રરૂપ્યું છે.

કેટલાક પ્રતિક્રમણ કરે છે ખરા, પણ અર્ધમાગધી ભાષા હોવાથી બરાબર સમજવામાં આવતું નથી. માતૃભાષામાં હોય તો સારી રીતે સમજી શકાય. અને સમજી શકાય તો દોષ નિવારણ કરવામાં સગવડતા રહે.

આટલા જ માટે આ આવશ્યક સૂત્રને માતૃભાષામાં ગોઠવી દીધું છે જેને સમજવું હોય તે ગુજરાતી ભાષાવાળું લઈ શકે. મૂળ પણ રાખેલ છે કે જે સમજી શકતા હોય તે ભલે મૂળ ભાષાનો ઉપયોગ કરે.

ઘણા વિદ્વાનોએ અર્થ કર્યા છે કિન્તુ તે એકેક શબ્દના અર્થ હોઈ કોઈ પુરું સમજી શકતા નથી. એક શબ્દ બોલી પછી તેનો અર્થ બોલે પછી બીજો શબ્દ બોલે આ રીતે બોલતા તેના ભાવ બરાબર જામતા નથી, જ્યારે આ ગુજરાતી પ્રતિક્રમણ વાતો કરતા હોઈએ એવો જ અનુભવ થાય છે. એથી બાળક પણ સહેલાઈથી સમજી શકે છે.

વળી માતૃભાષામાં હોવાથી શીખવાવાળાને (મુખપાઠ કરવાવાળાને) ઘણી જ સહેલાઈથી યાદ થઈ શકે છે. પ્રતિક્રમણ શીખવામાં ઉત્સાહ રહે છે.

આ પુસ્તક કેટલું જરૂરી છે? કેટલું રુચિકર થયું છે? તે તેની માગણી પરથી જ સમજાય છે. આ ત્રીજી આવૃતિ થાય છે તે તેનું પ્રતિક છે.

આ વખતે બા. બ્ર. તરૂણ તપસ્વી શ્રી પારસમુનિજીને ન્યાયશાસ્ત્રનું અધ્યયન કરાવવાનું હતું. ન્યાયના પ્રોફેસર પંડિતવર્ય શ્રી બી. સી. પટેલ વિદ્યાનગરમાં છે તેઓશ્રી

વિદ્વાન હોવા છતાં નિરભિમાનવાળા છે. સ્થાનકવાસીપણાનું ગૌરવ છે. સેવાભાવી છે.

શ્રીયુત મૂળચંદભાઈ વોરા તથા આણંદ સંઘના કાર્યકરો અમદાવાદ આવેલ ત્યારે આણંદ પધારવાની તેમની વિનંતીના જવાબમાં મેં કહેલ કે જો પંડિતજી અભ્યાસ કરાવવા આવી શકે તો અમે આવશું. પંડિતજીએ સ્વીકૃતિ આપી અને અમે આણંદ આવ્યા.

અમને અભ્યાસ કરાવવા શ્રીયુત પંડિતજીએ વિદ્યાનગરથી નિત્ય આવવું જવું વગેરે ખૂબ જ તકલીફ સહન કરી અમને સમય આપ્યો. દોઢેક માસનો તો ખૂબ જ ઉત્સાહભેર અધ્યયન ચાલ્યું, પણ તેવામાં ખંભાત બા. બ્ર. સ્થવિર પૂ. રતનબાઈ મહાસતીજી સ્વર્ગવાસ થતાં અમારે ખંભાત જવાનું થયું ત્યાંથી પાછા ફરતા શ્રી સુણાવ સંઘનો અધિક આગ્રહ થવાથી સુણાવ રોકાવાનું થયું.

શ્રીયુત પંડિતજીએ સુણાવ આવવા સ્વીકૃતિ આપી શ્રીયુત નવનીતભાઈ તરફથી આવવા જવાની સગવડતા થઈ અને નિત્ય ૧૬ કિ. મી. આવવા જવાનું સ્વીકારી પંડિતજીએ અભ્યાસ શરૂ કરાવ્યો. અને આ રીતે વિશ્રામના સ્થળ પર આ ચોપડીની વિચારણા ચાલી.

આમ તો બે વર્ષથી પુસ્તકની માગણી ચાલુ હતી પણ સમયના અભાવે અને એવા કારણે લંબાવ્યે જ જવું પડતું હતું. આ વખતે શ્રીયુત કાંતિલાલ ચત્રભુજ બારભાયા લાખેણીના જે હાલ વલાસણ રહે છે તેમણે સેવાનું કામ ઉપાડી


લીધું તેમને ત્યાં રહેલ પબ્લિકા પ્રિન્ટરીમાં છપાવી આપવાનું માથે લીધું આ ચોપડી અત્યારે તૈયાર થતી હોય તો તે તેમની સેવાનું જ ફળ છે.

પબ્લિકા પ્રિન્ટરી નાના ગામમાં હોવા છતાં વિશાળ છે; કામકાજ ઘણા મોટા પ્રમાણમાં કરે છે. પ્રો. શ્રીયુત પ્રભાત સિંહજીને આ ચોપડી છાપવાનો ઉત્સાહ હતો તેથી સારા ટાઈપ લઈ ભૂલો ન રહે એ રીતે આકર્ષક બનાવવા તેમણે પ્રયત્ન કર્યો છે.

કુંડળના રહીશ શ્રી ધનજી હીરજીભાઈ ભલાણીનું કુટુંબ હાલ બરવાળે રહે છે તેઓનાં પૂ. માતુશ્રી થોડા સમય પહેલાં સ્વર્ગવાસી બન્યાં હતાં. માતૃવિરહ બંધુંઓને ખૂબ જ સાલતો હતો એટલે પૂજ્ય માતુશ્રીની સ્મૃતિ તરીકે આ પુસ્તક તેઓ તરફથી છપાવવામાં આવ્યું છે.

સુણાવ સંઘના યુવકોની સેવા તો ભૂલાય તેમ જ નથી.

આ. ચંપકમુનિ



આ પ્રતિક્રમણ જીવનનું અણમોલું ધન હોવાથી બાલ્યકાળથી જ તેને જીવનમાં વણવું જોઈએ. બાલ્યકાળમાં મેળવેલું જ્ઞાન વય સાથે વૃદ્ધિ પામતું જાય છે.

પ્રતિક્રમણના છ આવશ્યક છે. તેમાં પ્રથમ આવશ્યક સામાયિકનો છે. સમભાવ આવ્યા વિના કોઈ કાર્ય સિદ્ધ થતું જ નથી. પાણીમાં તરંગો ચાલતા હોય ત્યાં સુધી મુખાકૃતિ જોઈ શકાય નહિ અને જોવાય તો લાંબીપહોળી જોવામાં આવે એમ મનના તરંગો ચાલતા હોય ત્યાં સુધી આત્મતત્ત્વ સમજી શકાય નહિ માટે પ્રથમ સમભાવ કેળવો.

સમભાવ આવ્યા બાદ તીર્થંકરદેવને હૃદયમાં સ્થાન મળી શકશે. તેમના ગુણકીર્તન બધાં જ અનિષ્ટોને દૂર કરી આત્માનું અનેરું ઉત્થાન કરે છે. માટે જ બીજા આવશ્યકમાં ચોવીશ ની સ્તુતિ કરવાની છે.

ાજે જિનેશ્વરદેવ નથી ત્યારે તેમની આજ્ઞાના પાલક ા જ અમારા આત્મઉત્થાનમાં પૂરા સહાયક થાય છે. ુદેવોની અશાતના અભક્તિ દૂર ન થાય ત્યાં સુધી પાપ માર્ગ હાથ લાગે જ નહિ. દરજી કપડા ઉપર કાતર છે કે સોની સોના પર હથોડા મારે છે તે દ્વેષથી નહિ ણી હથોડી લાગ્યા વિનાનું સોનું ગમે તેટલું કિંમતી કોઈ ગળામાં નાખીને નહિ ચાલે સોના કરતાં ઘાટની છે. એમ ગુરુદેવ કઠોર શબ્દનો કદાચ ઉપયોગ કરે પણ ભલા માટે જ હોય છે તેમની સાથેનું વેમ રી હૃદયમાં ભક્તિભાવ લાવવો જોઈએ. અભક્તિ

કર્મના બંધનમાંથી છૂટવા માટે જ માનવજન્મ છે. જાગ અને જો, છોડવાને બદલે તું નવાં કર્મ વધારી રહ્યો છે. તારું ડહાપણ બકરા ચરી ગયા છે. કર્મના થોકડા વધારવામાં ડહાપણ નથી, પણ ઘટાડવામાં છે.

જ્યાં સુધી નવા આવતા કર્મને રોકીશ નહિ ત્યાં સુધી કદાપિ તું કર્મની જાળમાંથી છૂટીશ નહિ. જો અનેક આત્માઓ કર્મના ફંદમાંથી છૂટી મુક્ત થયા. વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે. તે સર્વ સામાયિકનો જ પ્રભાવ છે. આ સામાયિક કરવામાં પૈસા ખર્ચવા પડતા નથી કે મહેનત કરવી પડતી નથી. ફક્ત યોગોને કંટ્રોલમાં લેવાના છે.

પુણીયા શ્રાવકની એક સામાયિક શ્રેણીકરાજવીની નરકગતિ ટાળી શકે તો પછી આપણે આપણી નરકાદિ અધોગતિ તો તોડી શકીએ ને ? અર્થાત્ જીવનમાં સામાયિકનું અનેરું સ્થાન છે.

પ્રતિક્રમ્યતે અનેન આત્માનમ્ ઇતિ પ્રતિક્રમણ, જેનાથી આત્માને પાપકર્મથી પાછા ફેરવી શકાય તે પ્રતિક્રમણ, થયેલા દોષોને દૂર કરવા, લીધેલા વ્રતનું પ્રમાર્જન, કર્મના વિષને દૂર કરવાનું અનુપમ ઔષધ, આ છે પ્રતિક્રમણ. આ પ્રતિક્રમણ કરતાં કરતાં કેટલાય ભવ્ય જીવો કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરી સંસારચક્રમાંથી મુક્ત થઈ સિદ્ધશિલા જેવા અચલ સિંહાસન ઉપર બેસી ગયા છે. આ સિંહાસન પૈસાથી ખરીદાતું નથી કે વાતો કરવાથી મળી જતું નથી, તેને મેળવવા માટે સામાયિક પ્રતિક્રમણાદિ ધાર્મિક અનુષ્ઠાનોની જ મદદ લેવી પડશે. આપણે પણ આ રત્નમય સિંહાસન ખરીદવા સામાયિક પ્રતિક્રમણને જીવનમાં વસાવી લ્યો.

આ પ્રતિક્રમણુ જીવનનું અણુમોલું ધન હોવાથી બાલ્યકાળથી જ તેને જીવનમાં વણવું જોઈએ. બાલ્યકાળમાં મેળવેલું જ્ઞાન વય સાથે વૃદ્ધિ પામતું જાય છે.

પ્રતિક્રમણુના છ આવશ્યક છે. તેમાં પ્રથમ આવશ્યક સામાયિકનો છે. સમભાવ આવ્યા વિના કોઈ કાર્ય સિદ્ધ થતું જ નથી. પાણીમાં તરંગો ચાલતા હોય ત્યાં સુધી મુખાકૃતિ જોઈ શકાય નહિ અને જોવાય તો લાંબીપહોળી જોવામાં આવે એમ મનના તરંગો ચાલતા હોય ત્યાં સુધી આત્મતત્ત્વ સમજી શકાય નહિ માટે પ્રથમ સમભાવ કેળવો.

સમભાવ આવ્યા બાદ તીર્થંકરદેવને હ્રદયમાં સ્થાન મળી શકશે. તેમના ગુણુકીર્તન બધાં જ અનિષ્ટોને દૂર કરી આત્માનું અનેરું ઉત્થાન કરે છે. માટે જ બીજા આવશ્યકમાં ચોવીશ જિનવરની સ્તુતિ કરવાની છે.

આજે જિનેશ્વરદેવ નથી ત્યારે તેમની આજ્ઞાના પાલક ગુરુદેવો જ અમારા આત્મઉત્થાનમાં પૂરા સહાયક થાય છે. આ ગુરુદેવોની અશાતના અભક્તિ દૂર ન થાય ત્યાં સુધી પાપ ધોવાનો માર્ગ હાથ લાગે જ નહિ. દરજી કપડા ઉપર કાતર ચલાવે છે કે સોની સોના પર હથોડા મારે છે તે દ્વેષથી નહિ પણુ છીણી હથોડી લાગ્યા વિનાનું સોનું ગમે તેટલું કિંમતી હોય પણુ કોઈ ગળામાં નાખીને નહિ ચાલે સોના કરતાં ઘાટની જ કિંમત છે. એમ ગુરુદેવ કઠોર શબ્દનો કદાચ ઉપયોગ કરે તો તે આપણા ભલા માટે જ હોય છે તેમની સાથેનું વૈમનસ્ય દૂર કરી હ્રદયમાં ભક્તિભાવ લાવવો જોઈએ. અભક્તિ

અશાતના જરાપણ ન રહેવાં જોઈએ માટે બહુ જ કઠિન આસન કરી આ પાઠને બે વખત બોલવાનો છે. આ ત્રીજો આવશ્યક ગુરુવંદનાનો છે.

ગુરુદેવોની કૃપાદૃષ્ટિ સંપાદન પછી આપણે પાપ ધોવાને યોગ્ય થયા એટલે હવે ચોથો આવશ્યક પ્રતિક્રમણનો આવ્યો. ધ્યેય પ્રતિક્રમણનો જ છે. પણ ઉપરના ત્રણ આવશ્યકની સફળતા વિના પ્રતિક્રમણ સફળ ન જ બની શકે માટે આ આવશ્યક ચોથો છે. તેમાં અનુક્રમે જ્ઞાન, દર્શન, ચારિત્રના દોષોનું નિવારણ બતાવ્યું છે.

આ દોષોના નિવારણ બાદ ચત્તારી મંગલનો પાઠ છે તે આપણી પ્રતિજ્ઞા છે. અરિહંત-સિદ્ધ–સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મ એ ચાર ઉત્તમ છે, એ ચાર મંગળ છે અને હુ એ ચારના શરણા સ્વીકારું છું.

એ ચારના શરણા અંગીકાર કર્યા બાદ સંયમધર્મમાં લાગતા દોષોનું નિવારણ કરવા સમણસૂત્ર બોલવામાં આવે છે. આ સમણસૂત્ર માટે વિવાદ છે, પણ ચોપડી નાની અને પ્રસ્તાવના બહુ લાંબી થઈ જાય તે ઠીક નહિ એટલે દરેક વિષય ખૂબ જ ટૂંકાવીને લખ્યા છે. એટલે આ ચર્ચા પણ અહીં અસ્થાને છે. આટલું જ બસ છે કે સાધુ સંયમી છે. તો શ્રાવક સંયમાસંયમી છે. એટલે તદ્દન ચારિત્ર નથી એવું નથી. ક્વચિત્ અસંયમ તો ક્વચિત્ સંયમ પણ છે. પોષધ દશમાવ્રત વગેરેમાં તો સમણસૂત્ર ઉપયોગી છે જ.

૧ લું સમણસૂત્ર નિદ્રામાં લાગેલ દોષ નિવારણ માટે છે.

૨ જું સમણુસૂત્ર ગોચરીમાં લાગતાં દોષનું નિવારણ છે.

૩ જું સમણુસૂત્ર પ્રતિલેખનમાં લાગતા દોષની નિવૃત્તિ માટે છે.

૪ થું સમણુસૂત્ર જ્ઞેય, હેય, ઉપાદેયને સમજાવનારું છે.

એકથી તેત્રીસ બોલ સુધી બધા જ જાણો અને પછી તેમાંથી આચરવા જોગ આચરો અને છોડવા જોગ છોડો, જેમકે-એગવિહે અસંજમે-અર્થાત્ એક પ્રકારમાં જાણવા જોગ અસંયમ છે. અસંયમથી સંસારનાં દુઃખો ભોગવવાં પડે છે. માટે તે છોડવા યોગ્ય છે. અને તેની વિરુદ્ધ તત્ત્વ સંયમ તે આદરવા યોગ્ય છે. આ રીતે તેત્રીશ સમજવાના છે. ખરેખર આ સમજણની શ્રાવકને પણ વધારેમાં વધારે જરૂર છે.

પાંચમા સમણુસૂત્રમાં જિનપ્રવચન અર્થાત્ સૂત્રસિદ્ધાંત કેવા છે, મારે માટે કેટલા ઉપયોગી છે અને તેટલા માટે તે પ્રવચનનો સ્વીકાર કરું છું. અને પ્રવચનકારને હૃદયમાં ધારું છું. આ પ્રતિજ્ઞા છે.

પછી અરિહંત, સિદ્ધ, કેવળજ્ઞાની, સાધુ, ગુરુદેવો વગેરેનો પરિચય કરાવી ગુણગ્રામ કરી તેમની અશાતના થઈ હોય તો નિવારવા માટે પાંચ ખામણા છે. છઠ્ઠા ખામણામાં સમાનકક્ષી શ્રાવકો અથવા ચોરાશી લાખ જીવોની ક્ષમાપના છે. આ રીતે પાપની સંપૂર્ણ આલોચના કરી ચોથો પ્રતિક્રમણનો આવશ્યક પૂર્ણ થાય છે.

પાંચમો આવશ્યક રહી ગયેલ પાપની વિશુદ્ધિ અર્થે ધ્યાન ધરવાનો છે. અને છઠ્ઠો આવશ્યક પ્રાયશ્ચિત્તરૂપે પ્રત્યાખ્યાન લેવાનો છે.

આમ છ આવશ્યકરૂપ પ્રતિક્રમણ પાપરૂપ કચરાને દૂર કરી આત્માને નિર્મળ કરે છે. માટે તેને જીવનમાં વણી લેવું જોઈએ, અર્થાત્ પ્રતિદિન સવાર-સાંજ બન્ને સમય કરવું જોઈએ.

આ સામાયિક પ્રતિક્રમણની કદમાં નાનકડી પણ આત્મ-ઉત્થાનમાં મહાન જરૂરી એવી ચોપડી મહારાષ્ટ્રના પુનિત ક્ષેત્ર સોલાપુરમાંથી પ્રસિદ્ધ થાય છે. પ્રસિદ્ધકર્તાનું કુટુંબ આવા ક્ષેત્રમાં વસવા છતાં ધર્મને દૃઢ શ્રદ્ધાથી જીવનમાં અપનાવી રહેલ છે. શ્રીમતી સૂરજબહેનની ૬૦ વર્ષની વયે નવ ઉપવાસની મહાન તપસ્યા અને શ્રીમતી કુસુમબહેનની એક જ ચોમાસામાં થોડા દિનના અંતર ઉપર ૯+૧૬ ઉપવાસની એ મોટી તપસ્યા એ તેઓના પરિવારનું ધર્મ પ્રત્યેના પ્રેમનું પ્રતિક છે. તેઓની જ્ઞાનસેવાની જિજ્ઞાસાને સંતોષવા આ ચોપડી સાકાર બની છે.

મહારાષ્ટ્રમાં ગુજરાતી ટાઈપના પ્રેસો બહુ જ ઓછાં હોય છે. પણ સોલાપુર સામાચાર પ્રેસના સૌજન્યપૂર્ણ સહકારથી આ ચોપડી તૈયાર થવા પામી છે તેમની પાસે જે ટાઈપ હતા તેથી જ કામ લેવાનું હતું. સમય પણ બહુ જ ઓછો હતો એટલે જે ટાઈપ હતા તેનાથી જ કામ લેવું પડયું છે.

આશા છે કે આ પુસ્તક ધર્મપ્રેમી આત્માઓને, વિદ્યાર્થીઓને, પરમેષ્ટીના ગુણજ્ઞાનમાં રસ લેનાર આત્માઓને બહુ જ ઉપયોગી થશે.

આચાર્ય ચંપકમુનિજી મહારાજ

બરવાળા સંપ્રદાય

ઉત્પત્તિ

સૌરાષ્ટ્રથી બરવાળા સંપ્રદાયના આચાર્ય શ્રી પંડિતરત્ન ચંપકમુનિજી મહારાજ શ્રી મહારાષ્ટ્રમાં પધાર્યા. અને દરેક સ્થળે ધાર્મિક જાગૃતિ સારા પ્રમાણમાં આવી. સાંગલી કોલ્હાપુરનાં સફળ ચાતુર્માસો, આબાલવૃદ્ધમાં ખીલી ઊઠેલ ધર્મપ્રેમ, તપસ્યામાં આવેલ ઘોડાપૂર વગેરે વાતો સાંભળી અનેરો આનંદ આવતો અને મહારાજશ્રીને અમારા ક્ષેત્રમાં લાવવા દિલ ઊછળી આવતું હતું.

આ વર્ષે મહારાજશ્રીના ચાતુર્માસના નિર્ણય સમયે અમારો સંઘ ગયો. અનેક વિનંતીમાં અમોએ આગ્રહભરી કહો, હઠવાળી કહો કે પ્રેમભીની કહો એવી હાર્દિક વિનંતી કરી. અને અમારી વિનવણી ઉપર મહારાજશ્રીએ ધ્યાન આપ્યું. અમને ખુશી કર્યા.

અત્રે મહારાજશ્રીના પદાર્પણ થતાં જ શુષ્ક થયેલ ક્ષેત્ર લીલુંછમ થઈ ગયું. શ્રી સંઘમાં રંગપલટો થઈ ગયો. ધાર્મિક ક્રિયાઓના અનેરા અનુષ્ઠાન થવા લાગ્યા અને દરેક પ્રકારની ધાર્મિક ભાવનામાં પ્રગતિ થવા લાગી. જેથી તેમાં જ્ઞાનરૂપી ધાર્મિક ક્રિયામાં વધારે વેગ મલે તે અભિલાષાથી પૂજ્ય આચાર્ય ચંપકમુનિજી મહારાજશ્રીને "જૈન ધર્મનો મૂળ પાયો જે કે સામાયિક પ્રતિક્રમણનું જ્ઞાન લેવાનું જરૂરી ગણાય

તે માટે સામાયિક પ્રતિક્રમણની ચોપડી બનાવી આપવા અમે વિનંતી કરી."

પૂ. મહારાજસાહેબે, અમારી વિનંતીને માન આપી સમય થોડો હોવા છતાં અથાગ પરિશ્રમ લઈ ને આ પુસ્તિકા તૈયાર કરી આપીને જે જ્ઞાનનો લાભ આપેલ છે તે માટે પૂ. મહારાજશ્રીના ઋણી છીએ.

આવા મહાન વિદ્વાન સંતો કાયમ માટે સોલાપુરમાં અવારનવાર બિરાજે અને બધાને જ્ઞાનરૂપી રસ આપે તે જ અભિલાષા.

આ નાની પુસ્તિકાનો જરૂર સદ્ઉપયોગ કરશો.

દલપતરામ જટાશંકર વોરા
સોલાપૂર



આવૃત્તિ બીજી માટે કંઈક

આજે આપશ્રીના હાથમાં સામાયિક પ્રતિક્રમણ જેવી મહત્ત્વની ચોપડીની આ બીજી આવૃત્તિ આવી રહી છે તેની પ્રથમ આવૃત્તિ મહારાષ્ટ્રના એ પુનીત ક્ષેત્ર શ્રી સોલાપુરમાં જ ઉદ્ભવેલી હતી. છેક છેલ્લે સમયે ચોપડી બનાવવાની તૈયારી થવાથી સમયના અભાવમાં અર્થ આપી શક્યો ન હતો તે ઊણપ આ બીજી આવૃત્તિ પૂરી કરે છે.

અર્થવાળી ચોપડીઓ ઘણી હોવા છતાં આ એકનો ઉમેરો કરવાની મેં ધૃષ્ટતા કરી છે. તેનું પ્રયોજન માત્ર આટલું છે કે અર્થ સહિતનું જ્યારે પ્રતિક્રમણ બોલાય છે ત્યારે તેઓ મૂળ એક શબ્દ બોલી પછી તેનો અર્થ બોલે છે; ત્યાર બાદ બીજો શબ્દ બોલી તેનો અર્થ કહે છે. એમ એક શબ્દ મૂળ અને પછી એક શબ્દનો અર્થ એમ એકેક શબ્દનો અર્થ થવાથી ન તો મૂળ પૂરું સમજાય કે ન તો અર્થ પૂરો સમજાય અને તેથી લાંબો સમય લેવા છતાં પ્રતિક્રમણની જે અસર થવી જોઈ તે થતી નથી કારણ કે બરાબર ભાવ સમજાતા નથી.

આ વસ્તુને લક્ષમાં લઈ તેનાં સમાધાન રૂપે મેં બે વિભાગ રાખ્યા છે : પ્રથમ વિભાગમાં સામાયિક પ્રતિક્રમણ મૂળરૂપે રાખ્યા છે અને બીજા વિભાગમાં કેવળ અર્થ જ રાખ્યા છે. અર્થમાં પણ એવી રીત અપનાવી છે કે અધ્યાહાર રહેલા શબ્દો ત્યાં મૂકી વાક્યોને પૂરાં કર્યાં છે અર્થાત્ કોઈ પ્રવચન આપતો હોય કે

વાર્તાલાપ કરતો હોય તે રીતે પ્રતિક્રમણ બોલી શકાય છે. તેથી શ્રોતાઓને સારો એવો રસ પડશે, કેમ કે તે શું બોલે છે તે બરાબર સમજાશે અને અર્થ શીખનાર ખૂબ જ સહેલાઈથી શીખી શકશે એટલે શીખનારનો ઉત્સાહ પણ વધશે.

આ પ્રતિક્રમણ ખૂબ જ ઊંચી ચીજ છે અથવા આત્મા ઉપર લાગેલા કર્મના મળને દૂર કરનારી અમોઘ ઔષધિ છે. વ્રતેમાં લાગેલા અતિચારોને દૂર કરી સંયમને નિર્મળ બનાવનાર અમૂલ્ય ચીજને જેમતેમ બોલી જવાથી અથવા એક બોલ્યા કરે અને બીજાં ઝોકાં માર્યા કરે એ રીતે કરવાથી ખાસ લાભદાયક નીવડતું નથી.

શાન્ત બેસી શ્રવણ કરીએ અને તેનો અર્થ સમજી શકીએ તો જ આપણી થયેલી ભૂલોને યાદ કરી તેનો પશ્ચાત્તાપ કરાય. ભૂલો ક્યાં અને કેવી રીતે થાય છે તે આપણને પ્રતિક્રમણ ખૂબ જ સુંદર રીતે સમજાવે છે. પણ આ શબ્દો આપણે સમજી શકીએ તો જ સાચું પ્રતિક્રમણ થાય ને! એટલા માટે અર્થ સમજી શકાય એ રીતે લખવા પ્રયત્ન કર્યો છે.

એક વિશેષતા એ છે કે ભાવાર્થ લખી લંબાવ્યું નથી પણ બને ત્યાં સુધી મૂળ શબ્દોના અર્થ ગોઠવ્યા છે અને તેમાં વાક્યરચના પૂરતો જ વધારો કર્યો છે; અર્થાત શ્રોતાઓને પ્રતિક્રમણથી દૂર પ્રવચનમાં લઈ ગયો નથી. એટલે કે પ્રતિક્રમણના શબ્દોના ભાવને સમજાવવા સિવાય આડેઅવળે દૂર ન જતાં અર્થ તરફ લક્ષ રાખ્યું છે.

ભાવાર્થ લેવો એ એક પ્રવચનનો વિષય છે અને નિત્ય પ્રતિક્રમણ કરવાવાળા શ્રાવકો માટે તે નીરસ બની જવા સંભવ છે. એટલે બને ત્યાં સુધી મૂળ શબ્દોને છોડી આગળ જવા પ્રયત્ન કર્યો જ નથી ટૂંકાણમાં જ શીઘ્રતાથી ભગવાનના કહેવાના આશયને સમજી શકાય એવી રીત અપનાવી છે.

આ ચોપડી અત્યારે આપણા હાથમાં આવતી હોય તો તે સર્વ પરિશ્રમ શ્રીયુત દિલીપકુમાર જયન્તીલાલ શાહનો છે. દિપાવલીના દિવસો હતા. પ્રેસની બરાબર સગવડતા ન હતી. તેઓશ્રીએ પોતાનું કામ છોડી દોડધામ કરી પેટલાદ પ્રેસમાં નક્કી કર્યું અને એક દિવસમાં બે વખત આવજા કરી ચોપડી કરાવી આપી. આ ચોપડી તેમના આ સહકારનું જ પરિણામ છે.

આટલી ઝડપથી અને નવા ટાઈપો વાપરી ઉત્સાહપૂર્વક ચોપડી તૈયાર કરી આપવા બદલ જયશ્રી પ્રિન્ટરી, પેટલાદના ભાગીદારોનો સહકાર પણ ભૂલી શકાતો નથી.

આચાર્ય ચંપકમુનિજી મહારાજ



—: સાચું આભારણુ સામાયિક :—

(રાગ : — માઢ)

કરો સામાયિક ભાઈ, શિવસુખદાઈ. કરવા ભવોદધિ પાર.
સમતા રસની આવક જેમાં, ચિંતા નહિ લવલેશ,
હાંસી મશ્કરી દૂર કરીને, દૂર કરીને કલેશ....કરો-૧

સામાયિક આભારણુ સાચું, શ્રાવકનું કહેવાય;
નિત્ય પ્રત્યે ભાવથી કરતાં, આત્મા નિર્મળ થાય...કરો-૨

કલ્પતરુ કામધેનુ આદિ, કલ્પના માત્ર નામ;
સકલ ગુણની પ્રાપ્તિ કાજે, સામાયિક સુખધામ...કરો-3

પુણીયો વેચીને જીવન ગુજારે, પણ સામાયિક રૂડી પેર;
વીર પ્રભુની પ્રેરણાથી, શ્રેણિક આવે ઘેર....કરો-૪

ગુરુવિનયમાં પ્રેમ ધરીને, દૂર કરી મોહરાજ;
ચંડરુદ્રના શિષ્યતાથી, મળશે મુક્તિના સાજ...કરો-૫

१

- સામાયિક સૂત્ર -

પાઠ ૧ લો–નવકારમંત્ર

નમો અરિહંતાણં; નમો સિદ્ધાણં; નમો આયરિયાણં; નમો ઉવજ્ઝાયાણં; નમો લોએ સવ્વ સાહૂણં.

પાઠ ૨ જો–તિક્ખુત્તો

તિક્ખુત્તો, આયાહિણં, પયાહિણં, વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ કલ્લાણં, મંગલં, દેવયં, ચેઇયં પજ્જુવાસામિ.

પાઠ ૩ જો–ઈરિયાવહિયં

ઇચ્છામિ પડિક્કમિઉં ઇરિયાવહિયાએ વિરાહણાએ ગમણાગમણે, પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા–ઉત્તિંગ–પણગ–દગ–મટ્ટી–મક્કડા સંતાણા–સંકમણે, જે મે જીવા વિરાહિયા–એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ ૪ થો–તસ્સ ઉત્તરી

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં

વિસલ્લી કરણેણું, પાવાણું કમ્માણું નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં.

અન્નત્થ ઊસસિએણું, નીસસિએણું, ખાસિએણું, છીએણું, જંભાઈએણું, ઉડ્ડુએણું, વાયનિસગ્ગેણું, ભમલીએ, પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં, દિટ્ઠિસંચાલેહિં એવમાઈએહિ આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો,

જાવ અરિહંતાણું ભગવંતાણું નમુક્કારેણું ન પારેમિ તાવ કાયં ઠાણેણું મોણેણું ઝાણેણું અપ્પાણું વોસિરામિ.

પાઠ ૫ મો. ચઉવીસંથો [લોગસ્સ]

અનુષ્ટુપ-છંદ

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;
અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસં પિ કેવલી. ૧

આર્યાછંદ

ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ૨
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલસિજ્જંસ વાસુપુજ્જં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિંચ વંદામિ. ૩
કુંથું અરં ચ મલ્લિં વંદે મુણિ સુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪
એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા;
ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ૫

કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ૬

ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭

પાઠ ૬ ઠ્ઠો–કરેમિ ભંતે !

[દ્રવ્ય થકી સાવજ્જ જોગ સેવવાનાં પચ્ચક્ખાણ; ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે, કાળ થકી બે ઘડી સુધી, તે ઉપરાંત ન પારૂં ત્યાં સુધી, ભાવ થકી ૬ કોટીએ પચ્ચક્ખાણ.]

કરેમિ ભંતે ! સામાઇયં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ જાવ નિયમં પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા, વયસા, કાયસા;

તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

પાઠ ૭ મો–અગ્ર ગુરૂ મંગલ. (નમોત્થુણં)

નમોત્થુણં અરિહંતાણં, ભગવંતાણં; આઇગરાણં, તિત્થયરાણં, સયં-સંબુદ્ધાણં, પુરિસુત્તમાણં, પુરિસ-સીહાણં, પુરિસ-વર-પુંડરિયાણં, પુરિસ-વર-ગંધ-હત્થીણં,-લોગુત્તમાણં લોગ-નાહાણં, લોગહિયાણં; લોગ-પઇવાણં, લોગ-પજ્જોઅગરાણં; અભય-દયાણં, ચક્ખુ-દયાણં, મગ્ગ-દયાણં; સરણ-દયાણં, જીવ-દયાણં, બોહી-દયાણં; ધમ્મ-દયાણં,

ધમ્મ-દેસયાણં, ધમ્મ-નાયગાણં, ધમ્મ-સારહીણં, ધમ્મ-વર-ચાઉરંત-ચક્કવટ્ટીણં, દીવો, તાણં, સરણં; ગઈ, પઈઠ્ઠા, અપડિહય-વર-નાણદંસણ-ધરાણં, વિઅટ્ટ-છઉમાણં, જિણાણં જાવયાણં, તિન્નાણં, તારયાણં; બુદ્ધાણં, બોહયાણં, મુત્તાણં, મોઅગાણં; સવ્વન્નુણં, સવ્વદરિસીણં, સિવ મયલ-મરુય મણંત મક્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઈ-નામધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં જિઅભયાણં.

પાઠ ૮ મો-સામાયિક પારવાનો

એઅસ્સ નવમસ્સ સામાઈયવ્વયસ્સ પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિવ્વા તં જહા-મણદુપ્પણિહાણે, વયદુપ્પણિહાણે, કાયદુપ્પણિહાણે, સામાઈયસ્સ સઈ અકરણયા સામાઈયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયા તસ્સ મિચ્છામિ દુક્કડં

સામાઈયં સમ્મં કાએણં ન ફાસિયં, ન પાલિયં ન સોહિયં, ન તીરિયં, ન કિટ્ટિયં, ન આરાહિયં આણાએ અણુપાલિઅં ન ભવઈ તસ્સ મિચ્છામિ દુક્કડં.

સામાયિકમાં દશ મનના, દશ વચનના, બાર કાયાના મળી બત્રીસ દોષો માંહેલો કોઈ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

સામાયિકમાં સ્ત્રીકથા, ભત્તકથા, દેશકથા, રાજકથા, આ ચાર વિકથા માંહેલી કોઈ કથા કરી હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

સામાયિકમાં આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, આ ચાર સંજ્ઞા માંહેલી કોઈ સંજ્ઞાનું સેવન કર્યું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

સામાયિકમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર, જાણતાં અજાણતાં મન, વચન, કાયાએ કરી લાગ્યા હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

સામાયિકવ્રત વિધિએ લીધું, વિધિએ પાળ્યું છતાં અવિધિએ થયું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

સામાયિકમાં કાનો, માત્રા, અનુસ્વાર, પદ, અક્ષર, ગાથા, સૂત્ર ઓછું, અધિક કે વિપરીત ભણાયું હોય તો અનંત સિદ્ધ કેવલી ભગવંતની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

જગત જલધિસે પાર ઉતરનેકો શરીર નૌકા હે
માનવ ભવ શાશ્વત સુખ પાનેકા અનુપમ મોકા હે
જાગ જાગ હે જ્યોતિપુંજ અવસર બીતા જાતા હે
જો ક્ષણ ગયા સદૈવકો ફિર ન હાથ આતા હે.



ॐ અર્હન્

નમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

※ પ્રતિક્રમણની શરૂઆત ※

સવિનય ઊભા થઈ ત્રણ વખત વંદન કરી પ્રતિક્રમણના પ્રથમ આવશ્યકની આજ્ઞા માગવી પછી નીચેના પાઠ બોલવા.

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં.

પાઠ ૧ લો

ઇચ્છામિણં ભન્તે! તુબ્ભેહિં અબ્ભણુણ્ણાએ સમાણે દેવસિયં પડિક્કમણં ઠાએમિ; દેવસિય નાણ-દંસણ-ચરિત્તા ચરિત્ત-તવ અઈયાર ચિન્તવણત્થં કરેમિ કાઉસ્સગ્ગં.

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં.

કરેમિ ભંતે! સામાઇયં; સાવજ્જં જોગં પચ્ચક્ખામિ; જાવનિયમં પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણેણં વાયાએ કાએણં; તસ્સ ભન્તે! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

પાઠ ૨ જો

ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં; જો મે દેવસિઓ ॥ અઇયારો કઓ, કાઈઓ, વાઈઓ, માણસિઓ, ઉસ્સુત્તો,

ગો, અકપ્પો, અકરણિજ્જો, દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ, યારો, અણિચ્છિઅવ્વો, અસાવગપાઉગ્ગો, નાણે તહ ! ચરિત્તાચરિત્તે સુએ સામાઇએ; તિણ્હં ગુત્તીણં, હં કસાયાણં પંચણ્હમણુવ્વયાણં, તિણ્હં ગુણવ્વયાણં, હં સિક્ખાવયાણં-બારસવિહસ્સ સાવગધમ્મસ્સ-જં અં જં વિરાહિઅં તસ્સમિચ્છામિ દુક્કડં.

અહીં સામાયિકનો ૪ થો પાઠ ' તસ્સઉત્તરીકરણેણં ' નો ી નવાણું અતિચારનો કાયોત્સર્ગ કરવો.

નમો અરિહંતાણં બોલી કાયોત્સર્ગ પારવો.

સવિનય ઊભા થઈ વંદન કરી બીજા આવશ્યકની આજ્ઞા ી અને લોગસ્સનો પાઠ ઊભા ઊભા બોલવો.

અનુષ્ટુપ છંદ

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;
અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસં પિ કેવલી. ૧

આર્યાછંદ

સભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇંચ;
ઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંન્દે. ૨
વિહિં ચ પુષ્ફદંતં, સીઅલસિજ્જંસ વાસુપુજ્જં ચ;
મલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. ૩
ંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
ંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪
મેવં મએ અભિથુયા, વિહુયરયમલા પહીણજરમરણા
ઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ૫

કિત્તિયવંદિયમહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ૬
ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭

આ લોગસ્સનો પાઠ પૂરો થયા પછી

સવિનય ઊભા થઈ ત્રણ વખત વંદન કરી ત્રીજા આવશ્યકની આજ્ઞા માગવી અને પછી નીચેનો ' ઇચ્છામિ ખમાસમણો ' નો પાઠ ગોદોહાસને બેસી બોલવો.

પાઠ ૩ જો સુગુરુ વંદન

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહીઆએ; અણુજાણહ મે મિઉગ્ગહં નિસીહિ, અહોકાયં કાયસંફાસં; ખમણિજ્જો ભે કિલામો; અપ્પકિલંતાણં બહુસુભેણ ભે દિવસો વઇક્કંતો જત્તા ભે જવણિજ્જં ચ ભે ખામેમિ ખમાસમણો ! દેવસિઅં વઇક્કમં આવસ્સિયાએ પડિક્કમામિ ખમાસમણાણં દેવસિઆએ આસાયણાએ તિત્તીસન્નયરાએ જં કિંચિ મિચ્છાએ મણદુક્કડાએ, વયદુક્કડાએ, કાયદુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ, સવ્વકાલિયાએ સવ્વમિચ્છોવયારાએ સવ્વધમ્માઇક્કમણાએ આસાયણાએ જો મે દેવસિઓ અઇયારો કઓ તસ્સ ખમાસમણો પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

સવિનય ઊભા થઈ ત્રણ વખત વંદન કરી ૪ થા આવશ્યકની આજ્ઞા માગવી અને ત્યાંથી પ્રતિક્રમણ શરૂ કરવું.

પાઠ ૪ થો જ્ઞાનાતિચાર

આગમે તિવિહે પન્નતે તં જહાઃ— સુત્તાગમે, અત્થાગમે, તદુભયાગમે; એવા શ્રી જ્ઞાનને વિષે જે અતિચાર લાગ્યાં હોય તે આલોઉં. જં વાઈદ્ધં, વચ્ચામેલિઅં, હીણક્ખરં, અચ્ચક્ખરં, પયહીણં, વિણયહીણં, જોગહીણં, ઘોસહીણં, સુટ્ઠુદિન્નં, દુટ્ઠુપડિચ્છિઅં, અકાલે કઓ સજ્ઝાઓ, કાલે ન કઓ સજ્ઝાઓ; અસજ્ઝાઈએ સજ્ઝાઅં, સજ્ઝાઈએ ન સજ્ઝાઅં તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ ૫ મો દર્શનવિશુદ્ધિ

દંસણં-સમ્મત્તં-પરમત્થ સંથવો વા, સુદિટ્ઠ પરમત્થ સેવણા વાવિ; વાવન્ન કુદંસણ વજ્જણા, ય સમ્મત્તસ્સ સદ્દહણા. એઅસ્સ સમ્મત્તસ્સ સમણોવાસએણં "ઇમે પંચ અઇયારા પેયાલા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા:—સંકા, કંખા, વિતિગિચ્છા, પરપાસંડપસંસા, પરપાસંડ સંથવો તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ ૬ ઠો થૂલ પાણાઈવાય-વેરમણં

પઢમં અણુવ્વયં-થૂલ પાણાઈવાય વેરમણં; ત્રસ જીવ બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેન્દ્રિય, જાણી પ્રીછી સ્વ સંબંધી શરીર માંહેલા

[illegible]

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

ગઈડા, પરવિવાહકરણે, કામભોગેસુતિવ્વાભિલાસે તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ ૧૦ મો પંચમં અણુવ્વયં થૂલપરિગ્ગહવેરમણં.

પંચમં અણુવ્વયં-થૂલપરિગ્ગહવેરમણં

ખેત્તવત્થુણં જહા પરિમાણં, હિરણ્ણસુવણ્ણાણં જહાપરિમાણં, ધણધન્નાણં જહા પરિમાણં, દુપયચઉપ્પયાણં જહા પરિમાણં, કુવિયસ્સ જહા પરિમાણં

એ યથા પરિમાણ કીધું છે તે ઉપરાંત પોતાનો પરિગ્રહ કરી રાખવાના પચ્ચક્ખાણ.

જાવજ્જીવાએ એગવિહં તિવિહેણં ન કરેમિ મણસા વયસા કાયસા; એઅસ્સ પંચમસ્સ થૂલગપરિગ્ગહ પરિમાણસ્સ સમણોવાસએણ પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહાઃ-

ખેત્તવત્થુપમાણાઈક્કમે; હિરણ્ણસુવણ્ણપમાણાઇક્કમે, ધણધન્નપમાણાઇક્કમે, દુપયચઉપ્પયપમાણાઇક્કમે, કુવિયપમાણાઇક્કમે, તસ્સ મિચ્છામિ દુક્કડં

પાઠ ૧૧ મો છઠ્ઠું વયં-દિસિવયં.

ઉડ્ઢદિસાએ જહા પરિમાણં, અહોદિસાએ જહા પરિમાણં, તિરિય દિસાએ જહા પરિમાણં.

એ પ્રમાણે યથાપરિમાણ કીધું છે તે ઉપરાંત સઈચ્છાએ કાયાએ જઈને પાંચે આશ્રવ સેવવાના પચક્ખાણ

જાવજ્જીવાએ દુવિહં તિવિહેણું ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા, એઅસ્સ છટ્ઠસ્સ દિસિવયસ્સ સમણોવાસએણું પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહાઃ-

ઉડ્ઢદિસિપમાણાઇક્કમે, અહોદિસિપમાણાઇક્કમે, તિરિયદિસિપમાણાઇક્કમે, ખેતવુડ્ઢી, સઈઅંતરદ્ધા તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ ૧૨ મો સત્તમંવયં-બીયં ગુણવ્વયં ઉવભોગપરિભોગ પરિમાણવ્વયં

સત્તમે વએ ઉવભોગપરિભોગ વિહિં પચ્ચક્ખાએમાણે ઉલ્લણિયાવિહં, દન્તવણવિહં, ફલવિહં અબ્ભંગણવિહં, ઉવ્વટ્ટણવિહં, મંજ્જણવિહં, વત્થવિહં, વિલેવણવિહં, પુપ્ફવિહં, આભારણવિહં, ધૂવણવિહં, પેજ્જવિહં, ભક્ખણવિહં, ઓદણવિહં, સૂવવિહં; વિગઈવિહં; સાગવિહં, માહુરયવિહં. જેમણવિહં, પાણિયવિહં, મુહવાસવિહં, વાહણવિહં, વાહણિવિહં સયણવિહં, [સિજ્જાવિહં] સચિત્તવિહં, દવ્વવિહં,

ઇત્યાદિકનું યથાપરિમાણ કીધું છે તે ઉપરાંત ઉપ-

[illegible]

[illegible] ઉવભોગપરિભોગવએ દુવિહે પન્નત્તે તં જહા: ભોયણઓ ય કમ્મઓ ય;

તત્થણં ભોયણઓ સમણોવાસએણં પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા

સચિત્તાહારે, સચિત્તપડિબદ્ધાહારે, અપ્પઉલિઓ-સહિભક્ખણયા, દુપ્પઉલિઓસહિભક્ખણયા, તુચ્છોસહિભ-ક્ખણયા.

કમ્મઓ ણં સમણોવાસએણં પન્નરસ કમ્માદાણાઇં જાણિયવ્વાઇં તં જહા—

ઇંગાલકમ્મે, વણકમ્મે, સાડીકમ્મે, ભાડીકમ્મે, ફોડીકમ્મે, દન્તવાણિજ્જે, લક્ખવાણિજ્જે; રસવાણિજ્જે, કેસવાણિજ્જે, વિસવાણિજ્જે, જંતપિલ્લણકમ્મે, નિલ્લંછણકમ્મે, દવગ્ગિ-દાવણયાણ, સરદહતલાગ સોસણયા અસઇજણપોસણયા તસ્સ મિચ્છામિ દુક્કડં

પાઠ ૧૩ મો અટ્ઠમં વયં. અણટ્ઠદંડવેરમણં.

અટ્ઠમં વયં—અણટ્ઠદંડવેરમણં.

ચઉવ્વિહે અણટ્ઠે દંડે પન્નત્તે તં જહા—

અવજ્ઝાણાયરિએ, પમાયાયરિએ, હિંસપ્પયાણે, પાપકમ્મોવએસે;

એવા આઠમાં અનર્થદંડ સેવવાના પચ્ચક્ખાણ; જાવજ્જીવાએ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા, વયસા; કાયસા; એઅસ્સ અટ્ઠમસ્સ અણટ્ઠદંડ-વેરમણસ્સ સમણોવાસએણં પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા–

કન્દપ્પે કુક્કુઈએ, મોહરિએ, સંજુત્તાહિગરણે; ઉવભોગપરિભોગાઇરિત્તે તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ ૧૪ મો નવમં વયં–સામાઈયવયં

નવમં સામાઇયવયં–સાવજ્જજોગ વેરમણરૂવં; જાવનિયમં પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા; એવી મારી સદ્દહણા, પ્રરૂપણા, એકઈ સામાયિકનો અવસર આવ્યે સામાયિક કરું તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હજો.

એઅસ્સ નવમસ્સ સમાઈયવયસ્સ સમણોવાસએણં પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહાઃ– મણદુપ્પણિહાણે, વઈદુપ્પણિહાણે, કાયદુપ્પણિહાણે; સામાઈયસ્સ સઈ અકરણયા, સામાઈયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયા તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ ૧૫ મો દસમંવયં—દેસાવગાસિયવયં

દિન પ્રત્યે પ્રભાત થકી પ્રારંભીને પૂર્વાદિ છ દિશાએ

જેટલી ભૂમિ મોકળી રાખી છે તે ઉપરાંત સઇચ્છ
કાયાએ જઈને પાંચે આશ્રવ સેવવાનાં પચ્ચક્ખાણ.

જાવ અહોરત્તં દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવે
મણસા, વયસા, કાયસા.

હવે જેટલી ભૂમિ મોકળી રાખી છે તે માંહી
દ્રવ્યાદિની મર્યાદા કીધી છે તે ઉપરાંત ઉપભોગ પરિભો
ભોગ નિમિત્તે ભોગવવાના પચ્ચક્ખાણ; જાવ અહોર
એગવિહં તિવિહેણં ન કરેમિ મણસા, વયસા, કાયસ
એઅસ્સ દસમસ્સ દેસાવગાસિયવયસ્સ સમણોવાસએ
પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા—

આણવણપ્પઓગે, પેસવણપ્પઓગે, સદ્દાણુવાએ
રૂવાણુવાએ, બહિયાપુગ્ગલપક્ખેવે તસ્સ મિચ્છામિ દુક્ક

પાઠ ૧૬ મો એક્કારસમં વય
પડિપુણ્ણપોસહોવવાસવયં

એક્કારસમં પડિપુણ્ણં પોસહોવવાસવએ સવ્વાઓ
અસણં-પાણં-ખાઇમં-સાઇમં પચ્ચક્ખાણ અબંભ પચ્ચક્ખાણ
મણિ સુવણ્ણાદિ પચ્ચક્ખાણં, માલાવણ્ણગવિલેવણ
પચ્ચક્ખાણં, સત્થમુસલાદિસાવજ્જજોગપચ્ચક્ખાણં,
જાવ અહોરત્તં પજ્જુવાસામિ; દુવિહં તિવિહેણં ન કરેમિ
ન કારવેમિ મણસા વયસા કાયસા; એવી મારી શ્રદ્ધ
[illegible] એવો પોષધનો અવસર આવ્યે થકે પોષધ કરુ
[illegible] શુદ્ધ હો.

એઅસ્સ એકકારસમસ્સ પડિપુણ્ણપોસહોવવાસસ્સ સમણો
ાાસએણં પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા
તં જહાં :-

અપ્પડિલેહિયદુપ્પડિલેહિયસિજ્જાસંથારએ, અપ્પમજ્જિ-
યદુપ્પમજ્જિયસિજ્જાસંથારએ, અપ્પડિલેહિયદુપ્પડિલેહિયઉ-
ચ્ચારપાસવણભૂમી, અપ્પમજ્જિયદુપ્પમજ્જિયઉચ્ચારપાસવણ
ભૂમી; પોસહોવવાસસ્સ સમ્મં અણણુપાલણયા તસ્સ મિચ્છામિ
દુક્કડં.

પાઠ ૧૭ મો બારસમં વયં—અતિહિસંવિભાગવયં

બારસમે અતિહિસંવિભાગવએ સમણે નિગ્ગંથે ફાસુએણં એસણિજ્જેણં, અસણ-પાણ ખાઇમ-સાઇમેણં, વત્થ પડિગ્ગહ-કંબલ-પાયપુંછણેણં, પાડિહારિએણં પીઢ-ફલગ-સિજ્જા-સંથારએણં, ઓસહભેસજ્જેણં ય પડિલાભેમાણે વિહરામિ.

એવી મારી સદ્દહણા, પ્રરૂપણા, સાધુ-સાધ્વીની જોગવાઈ મલે ત્યારે સ્પર્શનાએ કરી શુદ્ધ હજો. એઅસ્સ દુવાલસમસ્સ અતિહિસંવિભાગવયસ્સ સમણોવાસએણં પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિવ્વા તં જહા:-

સચિત્તનિક્ખેવણયા, સચિત્તપિહણયા, કાલાઇક્કમે, પરોવએસે, મચ્છરિયાચે તસ્સ મિચ્છા મિ દુક્કડં.

પાઠ ૧૮ મો તવ—અણસણ

અપચ્છિમમારણન્તિયસંલેહણાસમએ પોસહસાલં પડિ-

સોહિયા પાલિયા સાહિયા પમજ્જિયા, [illegible] આરાહિયા [illegible] પડિલેહિયા, ગમણાગમણં પડિક્કમિયા: [illegible] સાગરિયા, [illegible] [illegible] નિશીથના [illegible] [illegible] કરવું એમ જણાવી

"નમુત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, જાવ સંપત્તાણં" એમ અનંતાસિદ્ધને નમસ્કાર કરી, વર્તમાન પોતાના ધર્મગુરુ ધર્માચાર્યને નમસ્કાર કરી પૂર્વે વ્રત આદર્યા છે. તે આલોવી પડિક્કમી, નિંદી, નિઃશલ્ય થઈને સવ્વં પાણાઇવાયં પચ્ચક્ખામિ સવ્વં મુસાવાયં પચ્ચક્ખામિ સવ્વં અદિન્નાદાણં પચ્ચક્ખામિ, સવ્વં મેહુણં પચ્ચક્ખામિ સવ્વં પરિગ્ગહં પચ્ચક્ખામિ કોહં પચ્ચક્ખામિ, જાવ મિચ્છાદંસણસલ્લં અકરણિજ્જં જોગં, પચ્ચક્ખામિ જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં ન કરેમિ, ન કારવેમિ; કરંતંપિ અન્નં ન સમણુજાણામિ મણેણં વાયાએ, કાએણં, એમ અઢાર પાપસ્થાન પચ્ચક્ખીને સવ્વં અસણં-પાણં-ખાઈમં-સાઈમં-ચઉવ્વિહંપિ આહારં પચ્ચક્ખામિ જાવ જજ્જીવાએ, એમ ચાર આહાર પચ્ચક્ખીને જં પિયં ઇમં સરીરં ઇટ્ઠં, કંતં; પિયં મણુણ્ણં, મણામં, ધિજ્જં, વિસાસિઅં સમ્મયં અણુમયં, બહુમયં; ભંડકરંડગસમાણં, મા ણં સીઅં મા ણં ઉણ્હં મા ણં ખુહા, મા ણં પિવાસા, મા ણં વાલા; મા ણં ચોરા; મા ણં દંસા, મા ણં મસગા, મા ણં વાઇયપિત્તિય-સંભિય-સન્નિવાઈય વિવિહા રોગાયંકા પરીસહોવ સગ્ગા ફાસા ફુસંતુ ત્તિ કટ્ટુ એયં પિએણં ચરમેહિં ઊસાસનિસ્સાસેહિં વોસિરામિ એમ શરીર વોસિરાવીને કાલં અણુવકંખમાણે વિહરામિ; એવી મારી

સદ્દહણા, પ્રરૂપણા, સહિત અનશનનો અવસર આવ્યે અનશન કરું ત્યારે સ્પર્શનાએ કરી શુદ્ધ હજો.

એવં અપચ્છિમમારણન્તિયસંલેહણાઝૂસણારાહણાએ પંચ અઇયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા—

ઇહલોગાસંસપ્પઓગે, પરલોગાસંસપ્પઓગે જીવિયાસંસપ્પઓગે, મરણાસંસપ્પઓગે કામભોગાસંસપ્પઓગે તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ ૧૯ મો અઢાર પાપસ્થાનક

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય; એ અઢાર પાપસ્થાનક મારે જીવે સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યા હોય, તો અનંતાસિદ્ધ કેવલીની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ ૨૦ મો પણવીસ પયારાણિ મિચ્છત્તાઇં

અભિગ્ગહિય મિચ્છત્તં, અણભિગ્ગહિય મિચ્છત્તં, અભિનિવેસિય મિચ્છત્તં, સંસઇય મિચ્છત્તં, અણાભોગ મિચ્છત્તં, લોઇય મિચ્છત્તં, લોકોત્તરિય મિચ્છત્તં, કુપ્પાવયણિય મિચ્છત્તં, અધમ્મે ધમ્મ સણ્ણા, ધમ્મે અધમ્મ સણ્ણા, ઉમગ્ગે મગ્ગ સણ્ણા: મગ્ગે ઉમગ્ગ સણ્ણા, અજીવેસુ જીવ સણ્ણા, જીવેસુ અજીવ સણ્ણા; અસાહુસુ સાહુ સણ્ણા, સાહુસુ

[illegible] અમૂર્તને મૂર્ત સરધ્યા, મૂર્તને અમૂર્ત [illegible] ઊણું [illegible] (૨) [illegible] મિચ્છત્તં, [illegible] મિચ્છત્તં, [illegible] મિચ્છત્તં, [illegible] મિચ્છત્તં, અણાભોગ મિચ્છત્તં, એ પચ્ચીસ પ્રકારનાં મિથ્યાત્વ માંહે [illegible] સેવ્યા હોય, સેવરાવ્યાં હોય સેવતાં પ્રત્યે અનુમોદ્યા હોય તો અરિહંત સિદ્ધ કેવલીની સાખે તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ ૨૧ મો

ઉચ્ચારેસુ વા, પાસવણેસુ વા, ખેલેસુ વા સિંઘાણએસુ વા, વન્તેસુ વા; પિત્તેસુ વા, પુએસુ વા, સોણિએસુ વા, સુક્કેસુ વા, સુક્કપુગ્ગલપરિસાડેસુ વા, વિગયજીવકલેવરેસુ વા; ઈત્થીપુરિસસંજોએસુ વા, નગર નિદ્ધમણેસુ વા, સવ્વેસુ એવ અસુઈટ્ઠાણેસુ વા

એ ચૌદ પ્રકારનાં સંમૂચ્છિમ પંચેન્દ્રિય મનુષ્ય–ઉત્પત્તિ સ્થાનની વિરાધના કરી હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

અહીં ઈચ્છામિ ઠામિ કાઉસગ્ગનો પાઠ બોલાવો.
નમો અરિહંતાણુંનો પાઠ બોલાવો પછી કરેમિ ભંતેનો પાઠ બોલવો.

પાઠ ૨૨ મો ચાર મંગળ

ચત્તારિ મંગલં–અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં કેવલિપન્નતો ધમ્મો મંગલં; ચત્તારિલોગુત્તમા–અરિહંતાલોગુતમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિ-

પન્નતો ધમ્મો લોગુત્તમો; ચત્તારિ સરણં પવજ્જામિ–અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહુસરણં પવજ્જામિ, કેવલિપન્નતં ધમ્મં સર.ં પવજ્જામિ

ચાર શરણા કરે જેહ ભવસારમાં ન ડુબે તેહ
સકળકર્મનો આણે અંત, મોક્ષતણા સુખ લહે અનંત
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુક્તે જાય
સંસારમાંહી શરણા ચાર,અવર શરણ નહિ કોય
જે ભવી પ્રાણી આદરે અક્ષય અવિચળ પદ હોય
અંગુઠે અમૃત વસે લબ્ધિ તણા ભંડાર
ગુરુ ગૌતમને સમરીયે, મન વાંછીત ફળદાતાર

અહિં 'ઇચ્છામિ પડિક્કમિયું જોમે દેવસીઓ' નો પ્રતિક્રમણનો બીજો પાઠ બોલાવો પછી ઇચ્છામિ પડિક્કમિયું' સામાયિકનો ત્રીજો પાઠ બોલવો.

પાઠ ૨૩ મો—પ્રથમશ્રમણસૂત્ર

ઇચ્છામિ પડિક્કમિઉં પગામસિજ્જાએ, નિગામસિજ્જાએ સંથારાઉવટ્ટણાએ, પરિયટ્ટણાએ. આઉટ્ટણાએ, પસારણાએ, છપ્પઇસંઘટ્ટણાએ કૂઇએ, કક્કરાઇએ, છિઇએ, જંભાઇએ, આમોસે, સસરક્ખામોસે આઉલમાઉલાએ, સોઅણવત્તિઆએ, ઇત્થીવિપ્પરિઆ સિઆએ, દિટ્ઠીવિપ્પરિઆસિઆએ મણવિપ્પરિઆસિઆએ પાણભોયણવિપ્પરિઆસિઆએ. જો મે. દેવસિઓ અઇઆરો કઓ. તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ ૨૪ મો બીજું શ્રમણસૂત્ર

પડિક્કમામિ ગોયરચરિયાએ, ભિક્ખાયરિયાએ ઉગ્ઘાડકવાડઉગ્ઘાડણાએ, સાણાવચ્છાદારાસંઘટ્ટણાએ, મંડિપાહુડિઆએ, બલિપાહુડિઆએ, ઠવણાપાહુડિઆએ, સંકિએ, સહસાગારે અણેસણાએ પાણેસણાએ પાણભોયણાએ બીયભોયણાએ, હરિયભોયણાએ, પચ્છાકમ્મિયાએ, પુરેકમ્મિયાએહે, અદિટ્ઠહડાએ, દગસંસટ્ઠહડાએ, રયસંસટ્ઠહડાએ પારિસાડણિયાએ પારિટ્ઠાવણિયાએ ઓહાસણભિક્ખાએ, જં ઉગ્ગમેણં ઉપ્પાયણેસણાએ અપરિસુદ્ધં પરિગ્ગહિયં, પરિભુત્તં વા જં ન પરટ્ઠવિયં તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાઠ ૨૫ મો - ત્રીજું શ્રમણસૂત્ર

પડિકકમામિ ચાઉકાલ સજ્ઝાયસ્સ અકરણયાએ, ઉભઓ કાલં ભંડોવગરણસ્સ અપ્પડિલેહણાએ, દુપ્પડિલેહણાએ, અપ્પમજ્જણાએ, દુપ્પમજ્જણાએ, અઈકકમે, વઈકકમે, અઈયારે, અણાયારે જોમે દેવસિઓ અઈઆરો કઓ તસ્સ મિચ્છામિ દુકકડં

પાઠ ૨૬ મો - ચોથું શ્રમણસૂત્ર

પડિકકમામિ એગવિહે અસંજમે; પડકિકમામિ દોહિં બંધણેહિં–રાગબંધણેણં, દોસબંધણેણં; પાડેકકમામિ તિહિંદંડેહિં મણદંડેણ, વયદંડેણં, કાયદંડેણં પડિકકમામિ તિહિ ગુત્તીહિં મણગુત્તીએ, વયગુ–ત્તીએ, કાયગુ–ત્તીએ; પડિકકમામિ, તિહિં

સલ્લેહિં માયાસલ્લેણં, નિયાણસલ્લેણં; મિચ્છાદંસણસલ્લેણં; પડિક્કમામિ તિહિ ગા.વેહિ ઇડ્ઢીગારવેણં, રસગારવેણં સાયાગારવેણં પડિક્કમામિ તિહિં વિરાહણાહિં નાણવિરાહણાએ દંસણવિરાહણાએ; ચરિત્તવિરાહણાએ પડિક્કમામિ ચઉહિં કસાએહિં કોહકસાએણં, માણકસાએણં, માયાકસાએણં, લોહકસાએણં; પડિક્કમામિ ચઉહિં સણ્ણાહિ આહારસણ્ણાએ, ભયસણ્ણાએ મેહુણ સણ્ણાએ પરિગ્ગહસણ્ણાએ; પડિક્કમામિ ચઉહિ વિકહાહિં ઇત્થીકહાએ ભત્તકહાએ; દેસકહાએ રાયકહાએ; પડિક્કમામિ ચઉહિ ઝાણેહિં અટ્ટેણં ઝાણેણં રુદ્દેણં ઝાણેણં, ધમ્મેણ ઝાણેણં, સુક્કેણં ઝાણેણં; પડિક્કમામિ પંચહિં કિરાયાહિ કાઈયાએ; અહિગરણિયાએ, પાઉસિયાએ, પારિતાવણયાએ, પાણાઈવાયકિરિયાએ; પડિક્કમામિ પચહિં કામગુણેહિં સદ્દેણં, રૂવેણં, ગંધેણં, રસેણં, ફાસેણં; પડિક્કમમિ પંચહિં મહવ્વએહિં, સવ્વાઓ પાણાઈ વાયાઓ વેરમણં, સવ્વાઓ મુસાવાયાઓ વેરમણં, સવ્વાઓ અદિણ્ણાદાણાઓ વેરમણં, સવ્વાઓ મેહુણાઓ વેરમણં, સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં, પડિક્કમામિ પંચહિ સમિઇહિં,–ઈરિયાસમિઈએ, ભાસાસમિઈએ, એસણાસમિઈએ, આયાણભંડમત્તનિક્ખેવણાસમિઈએ, ઉચ્ચારપાસવણખેલજલ્લસિંઘાણપારિટ્ઠાવણિયાસમિઈએ, પડિક્કમામિ છહિં જીવનિકાએહિં–પુઢવિકાએણં, આઉકાએણં, તેઉકાએણં, વાઉકાએણં, વણસ્સઈકાએણં, તસકાએણં, પડિક્કમામિ છહિં લેસાહિં–કિણ્હલેસાએ, નીલલેસાએ, કાઉલેસાએ, તેઉલેસાએ, પમ્હલેસાએ, સુક્કલેસાએ, પડિક્કમામિ સત્તહિં ભયટ્ઠાણેહિં, અટ્ઠહિં મયટ્ઠાણેહિં નવહિ બંભ

[illegible]ગુત્તીહિં. [illegible] ઉવાસગપડિમાહિં, બારસહિં ભિક્ખુપડિમાહિં, તેરસહિં કિરિયાઠાણેહિં, ચઉદસહિં ભૂયગામેહિં, પન્નરસહિં પરમાહમ્મિએહિં, સોલસહિં ગાહાસોલસએહિં, સત્તરસવિહે અસંજમે, અટ્ઠારસવિહે અબંભે, એગૂણવીસાએ નાયજ્ઝયણેહિં, વીસાએ અસમાહિઠાણેહિં, એગવીસાએ સબલેહિં; બાવીસાએ પરીસહેહિં, તેવીસાએ સૂયગડજ્ઝયણેહિં; ચઉવીસાએ દેવેહિં, પણવીસાએ ભાવણાહિં; છવ્વીસાએ દસાકપ્પવવહારાણં ઉદ્દેસણકાલેહિં, સત્તાવીસાએ અણગારગુણેહિં, અટ્ઠાવીસાએ આયારપકપ્પેહિં; એગૂણતીસાએ પાવસુયપસંગેહિં; તીસાએ મોહણીયઠાણેહિં; એકતીસાએ સિદ્ધાઇગુણેહિં; બત્તીસાએ જોગસંગહેહિં તેત્તિસાએ આસાયણાહિં.

અરિહંતાણં આસાયણાએ, સિદ્ધાણં આસાયણાએ, આયરિયાણં આસાયણાએ ઉવજ્ઝાયાણં આસાયણાએ, સાહુણં આસાયણાએ, સાહુણીણં આસાયણાએ, સાવયાણં આસાયણાએ, સાવિયાણં આસાયણાએ દેવાણં આસાયણાએ, દેવીણં આસાયણાએ, ઇહલોગસ્સ આસાયણાએ, પરલોગસ્સ આસાયણાએ, કેવલિપન્નત્તસ્સ ધમ્મસ્સ આસાયણાએ. સદેવ-મણુયાસુરસ્સ લોગસ્સ આસાયણાએ, સવ્વપાણભૂયજીવસત્તાણં આસાયણાએ, કાલસ્સ આસાયણાએ, સુયસ્સ આસાયણાએ, સુયદેવયાએ આસાયણાએ, વાયણારિયસ્સ આસાયણાએ, જં વાઇદ્ધં વચ્ચામેલિયં, હીણક્ખરં, અચ્ચક્ખરં, પયહીણં, વિણયહીણં, જોગહીણં, ઘોસહીણં, સુટ્ઠુદિન્નં દુટ્ઠુ પડિચ્છિઅં, અકાલે કઓ સજ્ઝાઓ, કાલે ન કઓ સજ્ઝાઓ, અસજ્ઝાઇએ સજ્ઝાયં સજ્ઝાઇએ ન સજ્ઝાયં તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

એક બોલથી માંડીને તેત્રીસ બોલ સુધીમાં જાણવા જોગ જાણ્યા ન હોય આદરવા જોગ આદર્યા ન હોય છાંડવા જોગ છાંડ્યા ન હોય તસ્સ મિચ્છામિ દુક્કડં.

ધન્ય તે મહાપુરુષો જે જાણવા જોગ જાણતાં હશે, આદરવા જોગ આદરતા હશે, છાંડવા જોગ છાંડતા હશે તેમને મારી તમારી સમયસમયની વંદના હજો.

પાઠ ૨૭ મો પાંચમું શ્રમણસૂત્ર

ણમો ચઉવીસાએ તિત્થયરાણં ઉસભાઈ મહાવીર પજ્જવસ-ણાણં ઇણમેવ નિગ્ગંથં પાવયણં, સચ્ચં, અણુત્તરં કેવલિયં, પડિ-પુન્નં, નેઆઉયં, સંસુદ્ધં, સલ્લગત્તાણં સિદ્ધિમગ્ગં, મુત્તિ-મગ્ગં, નિજ્જાણમગ્ગં, નિવ્વાણમગ્ગં, અવિતહમવિસંધિ સવ્વ દુઃખ પ્પહિણ મગ્ગં.

ઇત્થં ઠિયા જીવા સિજ્ઝંતિ; બુજ્ઝંતિ મુચ્ચંતિ, પરિ-નિવ્વાયંતિ, સવ્વદુક્ખાણમંતં કરંતિ;

તં ધમ્મં સદ્દહામિ, પત્તિયામિ, રોએમિ ફાસેમિ, પાલેમિ; અણુપાલેમિ;

તં ધમ્મં સદ્દહંતો; પત્તિઅંતો; રોયંતો ફાસંતો; પાલંતો અણુપાલંતો; તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ વિરઓમિ વિરાહણાએ, અસંજમં પરિયાણામિ સંજમં ઉવસંપજ્જામિ, અબંભં પરિયાણામિ, બંભં ઉવસંપ-જ્જામિ; અકપ્પં પરિયાણામિ; કપ્પં ઉવસંપજ્જામિ; અન્નાણં પરિયાણામિ; નાણં ઉવસંપજ્જામિ; અકિરિઅં પરિયાણામિ,

કિરિઅં ઉવસંપજ્જામિ; મિચ્છત્તં પરિયાણામિ; સમ્મત્તં
પજ્જામિ અબોહિં પરિયાણામિ બોહિં ઉવસંપજ્જામિ,
પરિયાણામિ મગ્ગં ઉવસંપજ્જામિ જં સંભરામિ, જં
સંભરામિ, જં પડિક્કમામિ જં ચ ન પડિક્કમામિ;
સવ્વસ્સ દેવસિઅસ્સ અઈઆરસ્સ પડિક્કમામિ.

સમણોઽહં સંજય-વિરય-પડિહય-પચ્ચક્ખાયપાવક
અનિયાણો દિટ્ઠિસંપન્નો; માયા મોસવિવજ્જિઓ.

અઢાઈજ્જેસુ દીવસમુદ્દેસુ પન્નરસકમ્મભૂમીસુ જાવંતિ
સાહૂ રયહરણગુચ્છગપડિગ્ગહધરા; પંચમહવ્વયધરા; અટ્ઠા
સહસ્સસીલાંગરથધરા; અક્ખયાયારચરિત્તા તે સવ્વે સિરસા;
મણસા મત્થએણ વંદામિ.

ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા વિ ખમંતુ મે;
મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. ૧

એવંમહં આલોઈયં નિંદિયં ગરહિયં દુગંછિયં,
સવ્વં તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણ ચઉવ્વીસં. ૨

પાઠ ૨૮ અરિહંતના પહેલા ખામણાનો

પહેલા ખામણા પંચમહાવિદેહ ક્ષેત્રને વિષે જયવંતા
તીર્થંકરદેવ બિરાજે છે. તેમને ખમાવું છું. તે સ્વામીના નામ-૧
શ્રી સીમંધરસ્વામી ૨. શ્રી યુગમંધરસ્વામી ૩. શ્રી બાહુ સ્વામી,
૪.શ્રી સુબાહુસ્વામી, ૫. શ્રી સુજાતસ્વામી ૬. શ્રી સ્વયંપ્રભસ્વામી

૭. શ્રી ઋષભાનનસ્વામી ૮. શ્રી અનંતવીર્યસ્વામી ૯. શ્રી સુરપ્રભુસ્વામી ૧૦ શ્રી વિશાળપ્રભસ્વામી ૧૧. શ્રી વજ્રધરસ્વામી, ૧૨. શ્રી ચન્દ્રાનનસ્વામી, ૧૩. શ્રી ચંદ્રબાહુસ્વામી, ૧૪. ભુજંગદેવસ્વામી, ૧૫. શ્રી ઈશ્વરસ્વામી, ૧૬. શ્રી નેમપ્રભ સ્વામી, ૧૭ શ્રી વીરસેનસ્વામી ૧૮ શ્રી મહાભદ્રસ્વામી ૧૯ શ્રી દેવયશસ્વામી ૨૦ શ્રી અજીતસેનસ્વામી. એ જઘન્ય તીર્થંકર વીશ, ઉત્કૃષ્ટા હોય તો એકસો સાઠ; તેમને મારી સમય સમયની વંદના હોજો તે સ્વામી કેવા છે ? મારા તમારા મનની વાત જાણી દેખી રહ્યા છે; ઘટઘટની વાત જાણી દેખી રહ્યા છે. સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે; ચૌદ રાજલોક અંજલી પ્રમાણે જાણી દેખી રહ્યા છે. અનંતુ જ્ઞાન છે, અનંતુ દર્શન છે. અનંતુ ચારિત્ર છે, અનંતુ તપ છે, અનંતુ ધૈર્ય છે, અનંતુ વીર્ય છે, એ છ ગુણે કરી સહિત છે; ચોત્રીશ પ્રકારના અતિશયે કરી બિરાજમાન છે. પાંત્રીશ પ્રકારની સત્ય વચન વાણીના ગુણે કરી સહિત છે; એક હજાર અષ્ટ ઉત્તમ લક્ષણના ધરણહાર છે; અઢાર દોષ રહિત છે; બાર ગુણે કરી સહિત છે. ચાર કર્મ ઘનઘાતી ક્ષય કીધો છે; ચાર કર્મ પાતળાં પાડયાં છે. મુક્તિ જવાના કામી છે. મુક્તિ જવાના કામી થકાં સ્વામી વિચરે છે; ભવ્ય જીવોના સંદેહ ભાંગે છે. સજોગી,સશરીરી, કેવળ જ્ઞાની, કેવળ દર્શની, યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે. ક્ષાયક સમિકત, શુકલ ધ્યાન, શુકલ લેશ્યા, શુભ ધ્યાન, શુભ જોગ સહિત છે. ચોસઠ ઇન્દ્રના પૂજનિક વંદનિક, અર્ચનિક સ્મરણનિક છે, પંડિત વીર્ય એ આદિ અનંત ગુણે કરી સહિત છે. ધન્ય તે ગામાગર, નગર, રાયહાણી, ખેડ, કવડ, પુરપાટણ, જ્યાં જ્યાં સ્વામી દેશના

[illegible] ધન્ય ! [illegible], [illegible],
[illegible], [illegible], [illegible], [illegible], [illegible] વાણી [illegible]
સાંભળી ધર્મ પાલન કરતા હશો, દર્શન [illegible] કરી તેમ
પવિત્ર કરતા હશો. અભયદાનાદિ ૧૪ પ્રકારનું દાન આપી કર
પવિત્ર કરતા હશો. તમે સ્વામી ત્યાં બીરાજો છો; હું અપરાધી,
દીન, કિંકર, ગુન્હી અહીંઆં બેઠો છું. તમારા જ્ઞાન, દર્શન,
ચારિત્ર, તપ સંબંધી અવિનય, અશાતના, અભક્તિ, અપરાધ
કર્યો હોય તો મન, વચન, કાયાએ કરી ભુજો ભુજો કરી
ખમાવું છું. ("તિક્ખુત્તા" નો પાઠ ત્રણ વાર ભણી વંદણા
કરી ખમાવવું.) ॥ ૨૮ ॥

પાઠ ૨૯ મો સિદ્ધ ભગવંતના ખામણાનો

બીજા ખામણા અનંતા સિદ્ધ ભગવંતજીને ખમાવું છું.
આ ચોવીશીનાં નામ લઉં છું—૧ શ્રી ઋષભદેવસ્વામી, ૨ શ્રી
અજીતનાથસ્વામી, ૩ શ્રી સંભવનાથસ્વામી, ૪ શ્રી અભિનંદન
સ્વામી ૫ શ્રી સુમતિનાથસ્વામી, ૬ શ્રી પદ્મપ્રભસ્વામી, ૭
શ્રી સુપાર્શ્વનાથસ્વામી, ૮ શ્રી ચંદ્રપ્રભુસ્વામી, ૯ શ્રી
સુવિધિનાથસ્વામી, ૧૦ શ્રી શીતળનાથસ્વામી, ૧૧ શ્રી
શ્રેયાંસનાથસ્વામી, ૧૨ શ્રી વાસુપૂજ્યસ્વામી, ૧૩ શ્રી
વિમળનાથસ્વામી, ૧૪ શ્રી અનંતનાથસ્વામી ૧૫ શ્રી ધર્મ-
નાથસ્વામી, ૧૬ શ્રી શાંતિનાથસ્વામી, ૧૭ શ્રી કુંથુનાથ
સ્વામી ૧૮ શ્રી અરનાથસ્વામી, ૧૯ શ્રી મલ્લિનાથસ્વામી ૨૦
શ્રી મુનિસુવ્રતસ્વામી, ૨૧ શ્રી નમિનાથસ્વામી ૨૨ શ્રી નેમનાથ

સ્વામી, ૨૩ શ્રી પાર્શ્વનાથસ્વામી, ૨૪ શ્રી મહાવીરસ્વામી. એ ચોવીશી અનંત ચોવીશી સીઝી બુઝી આઠ કર્મ ક્ષય કરી મોક્ષ પધાર્યા છે. તે આઠ કર્મના નામ-૧ જ્ઞાનાવરણીય ૨ દર્શનાવરણીય ૩ વેદનીય ૪ મોહનીય ૫ આયુષ્ય ૬ નામ ૭ ગોત્ર ૮ અંતરાય આ આઠ કર્મ ક્ષય કરી મુક્તિએ પધાર્યા છે તે મુક્તિશિલા કેવી છે? પિસતાલીસ લાખ જોજનની લાંબી પહોળી છે; ગોળાકાર છે; મધ્યે આઠ જોજનની જાડી છે. ઊતરતા છેડે માખીની પાંખ થકી પણ અધિક પાતળી છે. ગોખીર, શંખ, ચંદ્ર, અંકરત્ન, રૂપાના પટ, મોતીના હાર ને ક્ષીરસાગરના પાણીથી પણ અધિક ઊજળી છે. તે સિદ્ધશિલા ઉપર પહેલા એક જોજનના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગને વિષે સિદ્ધ ભગવંતજી બિરાજી રહ્યા છે. તે સ્વામી કેવા છે? અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, અવિનાશી ભૂખ નહિ, દુઃખ નહિ, રોગ નહિ, શોક નહિ, જન્મ નહિ, જરા નહિ, મરણ નહિ, કાયા નહિ, કર્મ નહિ, અનંતઅનંત સુખની લહેરમાં બિરાજી રહ્યા છે. તમે સ્વામી ત્યાં બિરાજો છો. હું અપરાધી, દીન કિંકર, ગુન્હી અહીં બેઠો છું. આપના કેવળજ્ઞાન, કેવળદર્શન સંબંધી અવિનય અશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તો મન, વચન, કાયાએ ભુજો ભુજો કરી ખમાવું છું. ("તિકખુત્તો" નો પાઠ ત્રણ વાર બોલી વંદના કરી ખમાવવું. ॥ ૨૯ ॥

પાઠ ૩૦ મો સામાય કેવળીના ખામણાનો

ત્રીજા ખામણા પંચમહાવિદેહક્ષેત્રને વિષે જયવંતા કેવળી

પાઠ ૩૧ મો સાધુ સાદ્વીના ખામણાને

ચોથા ખામણા પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ એમ અઢીદ્વીપ ક્ષેત્રને વિષે, બાવન ગુણે કરી સહિત ગણધરજી છે, છત્રીશ ગુણે કરી સહિત આચાર્યજી છે, પચીસ ગુણે કરી સહિત ઉપાધ્યાયજી છે, સાધુ સાધ્વીજી સત્તાવીશ ગુણે કરી સહિત છે તેમને ખમાવું છું. તે જઘન્ય હોય તો બે હજાર ક્રોડ સાધુસાધ્વી, ઉત્કૃષ્ટા હોય તો પ્રત્યેક હજાર ક્રોડ સાધુ-સાધ્વી, તેમને મારી સમય સમયની વંદણા હોજો. તે સ્વામી કેવા છે? પંચમહાવ્રતના પાલનહાર છે, પાંચ સમિતિએ સમિતા, ત્રણ ગુપ્તિએ ગુપ્તા. છકાયના પીયર, છકાયના નાથ, સાત ભયના ટાલણહાર, આઠ મદના ગાલણહાર, નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર છે. દશ વિધિ યતિધર્મના અજવાળક છે. અગિયાર શ્રાવકની અને બાર ભીક્ખુની પડીમાના જાણ છે. બાર ભેદે તપશ્ચર્યાના કરણહાર છે. સત્તર ભેદે સંયમના ધરણહાર છે. વીસ અસમાધિના ટાલણહાર છે, બાવીસ પરિસહના જીતણહાર છે. સત્તાવીસ સાધુજીના ગુણે કરી સહિત છે. તેત્રીશ અશાતનાના ટાલણહાર છે. બેંતાળીશ તથા છન્નું દોષ રહિત આહાર-પાણીના લેવણહાર છે. બાવન અનાચરણના ટાલણહાર છે. સચેતના ત્યાગી, અચેતના ભોગી, કંચન કામિનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, મહાવૈરાગી, સમતાના સાગર, દયાના આગર આદિ અનેક શુભ ગુણે કરી સહિત છે. ધન્ય તે ગામ, નગર, પુરપાટણ તમે સ્વામી ત્યાં વિચરો છો, હું અપરાધી અહીં બેઠો છું. આપના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સંબંધી અવિનય, અશાતના અભક્તિ, અપરાધ કર્યો હોય,

પાઠ ૩૩ મો સર્વજીવોના ખામણાનો

છઠ્ઠા ખામણા અઢીદ્વીપ માહેનાં સંખ્યાતા અને અઢીદ્વીપ બહારના અસંખ્યાતા શ્રાવક શ્રાવિકાને કરું છું. તે શ્રાવક શ્રાવિકાજી કેવા છે ? સમકિત સહિત બાર વ્રતધારી, અગિયાર પડિમાના સેવણહાર, જીવ અજીવ આદિ નવતત્ત્વના જાણપણા વાળા, કોઈના ડગાવ્યા ડગે નહિ, કોઈના ચળાવ્યા ચળે નહિ, પરધન પથ્થર બરાબર ને પરસ્ત્રી માત-બહેન સમાન જાણે છે શ્રાવકના એકવીશ ગુણે કરી સહિત છે. (તેઓમાંથી જેઓ) મુજથી દાન, શીલ, તપ અને ભાવમાં અધિક છે, તેમને ત્રણ વાર નમસ્કાર કરીને મન, વચન, કાયાએ કરી ભુજોભુજો કરી ખામવું છું.

સાધુ સાધ્વીને ખમાવું છું, શ્રાવક શ્રાવિકાને ખમાવું છું, સમકિતદૃષ્ટિ જીવને ખમાવું છું, ઉપકારી ભાઈ બેનને ખમાવું છું, ચોરાશી લાખ જીવાયોનિના જીવને ખમાવું છું. સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્પકાય, સાત લાખ તેઉકાય. સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બે ઇન્દ્રિય, બે લાખ તે ઇન્દ્રિય, બે લાખ ચઉરિંદ્રિય, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય, ચાર લાખ દેવતા, ચૌદ લાખ મનુષ્ય, એ ચોરાશી લક્ષ જીવાયોનિના જીવને હાલતાં ચાલતાં, ઊઠતાં, બેસતાં, જાણતાં, અજાણતાં, હણ્યા હોય, હણાવ્યા હોય, છેદ્યા હોય; ભેદ્યા હોય, પરિતાપના કિલામના ઉપજાવી

પાઠ ૩૬ મો પ્રતિક્રમણુ પાલવનો

૧. સામાયિક, ૨. ચઉવીસંત્થો ૩. વંદણા, પ્રતિક્રમણ, ૫. કાઉસ્સગ્ગ, ૬. પચ્ચક્ખાણુ એ છ આવશ્યક પૂરા થયા, તેને વિષે ગાથા, પદ, અક્ષર, કાનો, માત્રા, મીંડું, હ્રસ્વ દીર્ઘ, ઓછું, અધિક વિપરીત ભણાણું હોય તો તસ્સમિચ્છામિ દુક્કડં ॥ ૧ ॥

મિથ્યાત્વનું પ્રતિક્રમણ ૧ ॥ અવ્રતનું પ્રતિક્રમણ ॥ ૨ ॥ પ્રમાદનું પ્રતિક્રમણ ॥ ૩ ॥ કષાયનું પ્રતિક્રમણ ॥ ૪ ॥ અશુભ જોગનું પ્રતિક્રમણ ॥ ૫ ॥ એ પાંચ પ્રતિક્રમણ એકસો ચોવિશ દોષ ટાળીને સમી રીતે પડિકમ્યાં ન હોય, તો તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ૧ ॥

ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાનકાળનો સંવર, આવતા કાળના પચ્ચખાણુ, કરેમિ મંગલં, મહા મંગલં થયથુઈ મંગળં ॥ ૩ ॥ અહીં ત્રણ "નમોત્થુણં" કહેવા.

ઇતિ પ્રતિક્રમણ સમાપ્ત

ભાવ-પ્રતિક્રમણ

(રાગ-માંડ)

અરિહંતની સાખે, સદ્‌ગુરુ સાખે તેને મિચ્છામિ દુક્કડં
કેવળજ્ઞાનીની સાખે, સદ્‌ગુરુ સાખે, તેને મિચ્છામિ દુક્કડં

મદ, વિષય ને કષાય વશ બાંધ્યાં કર્મ કઠોર.
પરનિંદાને વિકથા કીધી (૨) ચઢીઓ મમતા દોર—અરિહંત

કાળે અકાળે સજ્ઝાય કરીને દીધો જ્ઞાનમાં દોષ
કાનો માત્રા મીંડી પદને (૨) અક્ષર કીધો શોષ—અરિહંત

જિનશાસનમાં શ્રદ્ધા ન આવી, કીધી મિથ્યાત્વી વાત,
જીવદયા તો ભૂલી ગયો ને (૨) દીધી ખોટી સાખ—અરિહંત

ઓછું દીધું ને અદકું લીધું નીરખી પરાઈ નાર
અઘટિત પરિગ્રહ કરવાને (૨) મતિ હમારી થાય—અરિહંત

ક્રોધ માન માયા ને લોભ કીધા દ્વેષ ને રાગ
ક્લેશો પ્રપંચો કરીને આજે (૨) દીધા બીજાને આળ—અરિહંત

ચાડી કીધી કે અપવાદ બોલ્યો, કીધો કરાવ્યો શોક
માયા જાળે કરી આત્માને (૨) બંધન દીધો થોક—અરિહંત

દિવસ રાત્રિ કે પખ્ખી સંબંધિ જે જે દોષો કીધ
ચડતે ભાવે 'ચંપકમુનિ' એ આલોયણ તો લીધ—અરિહંત

ૐ અર્હં ન

નમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

સામાયિકના અર્થ

૧ શ્રી નમસ્કાર મહામંત્ર

શ્રી અરિહંતદેવ કહેતાં તીર્થંકરદેવ કે જે ૩૪ અતિશય યુક્ત અને ૩૫ પ્રકારની સત્ય વચન વાણીના ધારક છે. બાર ગુણે કરી સહિત છે. તથા સામાન્ય કેવળી ભગવંત કે જેમણે ચાર ઘનઘાતી કર્મ ક્ષય કર્યાં છે અને કેવળજ્ઞાન કેવળદર્શનને વર્યા છે. એવા પરમ પૂજનીય મોક્ષમાર્ગના દાતાશ્રી જિનેશ્વરદેવને નમસ્કાર હો.

શ્રી સિદ્ધ ભગવંત કહેતાં જે જગતમાં આત્માને રખડાવનાર સર્વે કર્મને ક્ષય કરી, સર્વ કાર્ય સિદ્ધ કરી, ૮ તથા ૩૧ ગુણે કરી સહિત અજર અમર અવિનાશીપણે મુક્તિપુરીમાં બિરાજી રહ્યા છે. કેવળજ્ઞાન, કેવળદર્શનથી જગતને જોઈ રહ્યા છે એવા શ્રી સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો.

શ્રી આચાર્યદેવ કહેતાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચ આચારનું પોતે પાલન કરે અને અન્યને પાલન કરવાની પ્રેરણા આપે, વળી માનમર્દન કરનાર [illegible] પ્રતિરૂપ ગુણધારી શ્રી આચાર્ય ભગવંતોને નમસ્કાર હો.

પાઠ ૨ જો ગુરુવંદન વિધિ

યુગલ કર જોડી આવર્તન કરી એટલે જોડેલા હાથને જમણી તરફથી શરૂ કરી ડાબી તરફ લઈ જઈ પાછાં જમણી તરફ લાવી, એમ ત્રણ વખત પ્રદક્ષિણા કરી વંદન કરું છું. અર્થાત્ ભક્તિભાવે વચનથી ગુણગ્રામ કરું છું. અને કાયાથી પંચાંગ નમાવી નમસ્કાર કરું છું, અતિ હર્ષથી આપનો સત્કાર કરું છું. આનંદપૂર્વક સન્માન આપું છું. હે ભગવંતો ! આપ જ અમારા કલ્યાણના કરવાવાળા છો. સાચું મંગળ અમારે માટે આપ જ છો અને આપશ્રી જ અમારા સાચા દેવ છો. જ્ઞાનના દાતા જ્ઞાનવંત એવા હે પરમેષ્ઠી ભગવંતો હું આપની પર્યુપાસના અર્થાત્ ભક્તિભાવથી સેવા કરું છું. મસ્તક નમાવી વંદન કરું છું સ્વીકારજો.

પાઠ ૩ જો પાપથી નિવર્તવાને

મન, વચન અને કાયાના યોગથી લાગેલ પાપકર્મથી નિવર્તવાને ઇચ્છું છું એટલે કે રસ્તામાં ચાલતાં (ઊઠતાબેસતાં) જીવોની વિરાધના કરી હોય, આવતા જતાં પ્રાણીને કચર્યા હોય, બીજ કચર્યા હોય, લીલી વનસ્પતિ કચરી હોય, ઝાકળ, ઓસ, કીડિયારા કે એવા નાનાં જીવોના દર, સેવાળ, લીલફુગ, સચેત પાણી કે સચેત માટી, કરોળિયાનાં પડ વગેરે કચર્યા હોય એ અથવા બીજી કોઈ રીતે નાન કે મોટા કોઈ જીવની મેં વિરાધના કરી હોય, કોઈ ને દુઃખ દીધું હોય કે પીડા ઉપજાવી હોય, પછી ભલે તે એકેન્દ્રિય (પૃથ્વી, પાણી અગ્નિ વાયુ વનસ્પતિ) હોય, બે ઈન્દ્રિય-જળો, કીડા, પોરા, શંખ, કીડા, અળસિયા, કરમિયા, ચરમિયા વગેરે હોય, તે ઈન્દ્રિય જૂં, લીંખ, ચાંચડ, માકડ, કંથવા, ધનેડા, ઉધઈ, ધીમેલ, કીડી, મંકોડા વગેરે હોય, ચઉરિન્દ્રિય-ભમરા, ભમરી, વીંછી, માખી, મસલા, ડાંસ, મચ્છર, તીડ, પતંગ, કરોળિયા વગેરે હોય અથવા પંચેન્દ્રિયમાંથી કોઈ હોય, આવા પ્રકારના કોઈ જીવોને સામે આવતા હણ્યા હોય, પીડા ઉપજાવી હોય. માટી કચરો પાણી કે પત્થર તેના ઉપર નાંખ્યા હોય, માટી વગેરે કોઈ ચીજ સાથે મસળ્યા હોય, એકબીજાને સાથે અથડાવ્યા હોય કે પકડી સ્પર્શ કરી તેમને પરિતાપ ઉપજાવ્યો હોય, કિલામના ગ્લાનિ કે ખેદ પમાડયો હોય, ભય, ત્રાસ કે ધ્રાસકો પાડયો હોય, તેના સ્થાનેથી લઈ પ્રતિકૂળ સ્થાને મૂકયા હોય, કાયાથી જીવને જુદા કર્યા હોય એટલે કે મારી નાંખ્યા હોય.

સ્થાને સ્થિર રાખી, વચનથી મૌન કરીને, મનને ધ્યાનમાં એકાગ્ર કરીને આત્માને પાપના વ્યાપારથી દૂર રાખવા કાયોત્સર્ગ કરૂં છું એટલે કાયાને સ્થિર કરૂં છું.

પાઠ ૫ મો ચોવીસ તીર્થંકર દેવોની સ્તુતિ

કેવળજ્ઞાને અને કેવળ દર્શને વડે આખા લોકને પ્રકાશિત કરવાવાળા અને ધર્મ તીર્થના સંસ્થાપક, રાગદ્વેષરૂપ કષાય જીન વિષયના વિજેતા, કર્મ કંટકનો ક્ષય કરી વંદનીય બન્યા છે એવા શ્રી જીનેશ્વર દેવોની હું સ્તુતિ કરૂં છું.

તે જિનેશ્વરો અને એ સિવાયના સામાન્યકેવળી કે જેણે ચાર ઘાતી કર્મનો ક્ષય કર્યો છે, એવા સર્વ જિનદેવને હું વંદન કરૂં છું. જ્ઞાનાદિ ગુણો દરેક તીર્થંકરના સરખા હોવાથી એકની સ્તુતિ કરતાં દરેકની થાય છે માટે વર્તમાન ચાલુ અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલ ૨૪ જિનવરોની વિશેષ રૂપથી એટલે નામસહિત સ્તુતિ કરૂં છું.

પહેલા શ્રી ઋષભદેવ ભગવાન કે જેઓશ્રીએ અહિંસા સંયમ, તપ રૂપ ધર્મ ચાલુ કર્યો તેથી ધર્મની આદિ કરવાવાળા એટલે આદિનાથ ભગવાન કહેવાય છે, તેમજ બીજા શ્રી અજીતનાથ ભગવાનને હું વંદન કરૂં છું.

ત્રીજા શ્રી સંભવનાથજી, ચોથા શ્રી અભિનંદનજી, પાંચમા શ્રી સુમતિનાથજી, છઠ્ઠા શ્રી પદ્મપ્રભુનાથજી, સાતમા

આપનો સત્કાર પણ કર્યો હવે અત્યારે આપ આ લોકમાં ઉત્તમ એવા જે સિદ્ધ ભગવંત થયા છો તે મારા કર્મની બીમારી દૂર કરી આરોગ્ય આપો અને આરોગ્યની ચાવી જેવી બોધી એટલે સમકિત આપો અથવા તો સર્વોત્કૃષ્ટ સમાધિ એટલે શિવપદ આપો. (૬)

હે સિદ્ધ ભગવંત આપ ચંદ્રથી પણ અધિક નિર્મળ છો, સૂર્યથી પણ અધિક પ્રકાશવાળા છો અને સાગરવર એટલે સ્વયંભૂરમણ મહાસાગરથી પણ ગંભીર છો એવા હે સિદ્ધ ભગવંતો ! મને સર્વ સિદ્ધિનું સાચું સ્થાન મોક્ષ બતાવો અર્થાત્ આપના ગુણગ્રામ કરવા વડે હું પણ આપની સમીપે આવી જાઉં. (૭)

સ્તવન સ્તુતિનો અજબ પ્રભાવ છે. જિનદેવના ગુણ ગાતાં જીનપદની પ્રાપ્તિ થાય છે.

પાઠ ૬ ઠ્ઠો સામાયિકની પ્રતિજ્ઞા

દ્રવ્યથકી સાવદ્યયોગ એટલે પાપમય પ્રવૃત્તિ સેવવાનો ત્યાગ, ક્ષેત્ર થકી આખા લોકમાં કોઈ પણ સ્થળે પાપપ્રવૃત્તિ કરવી નહિ, કાળથકી બે ઘડી સુધી અગર સમયની મર્યાદા બાંધી છે ત્યાં સુધી અને તે ઉપરાંત ત્રણ વખત નવકાર ગણી ન પાળું ત્યાં સુધી,

ભાવથકી છ કોટીએ આ પાપપ્રવૃત્તિનો ત્યાગ કરું છું.

હે પૂજ્ય ! આપની સાક્ષીએ એ રીતની સામાયિક કરું

ફળની વિચારણા કરે, ફળનો સંદેહ કરે, મનોમન ગુસ્સો કરે, અવિનયની વિચારણા કરે કે મનમાં ભક્તિનો અભાવ હોવ.

વચનના દશ દોષ :-

કુવચન બોલે, વિના વિચાર્યે બોલે, સ્વચ્છંદી ભાષા વ.પરે, સંક્ષેપ અર્થાત્ પાઠ કે પદો ટૂંકાં કરી બોલે, કલેશકારી ભાષા બોલે, વિકથા કરે, હાંસી - મશ્કરી કરે, અશુદ્ધ ઉચ્ચારથી બોલે, નક્કામું બોલે, ન સમજાય તેવું ઉ ઉ ઉ કરતો બોલે.

કાયાના બાર દોષ :-

અયોગ્ય આસને બેસે, અસ્થિર આસને બેસે; દષ્ટિ ગમે ત્યાં દોડાવે, હિંસક પાપકારી ક્રિયા કરે, ઓઠીંગણુ દઈ બેસે, હાથપગ વારે વારે લાંબાટૂંકા કરે, આળસુ થઈ પડી રહે, હાથપગના ટાચકા ફોડે, મેલ ઉતારવાની ચેષ્ટા કરે, ચિંતામય બેસી રહે, નિદ્રા કરે, હાથપગ દબાવવાની સેવા લે વગેરે ૧૦ મનના, ૧૦ વચનના અને ૧૨ કાયાના એમ ૩૨ દોષો સામાયિકમાં ખાસ વર્જવા યોગ્ય છે. શુદ્ધ મન, શુદ્ધ વચન અને શુદ્ધ કાયાથી કરેલી એક જ સામાયિક સ્વર્ગનાં દ્વાર ખોલી નાખે છે અને તેને નરકમાં જવું પડતું નથી માટે શુદ્ધ સામાયિક કરવા લાગો.



-: શ્રી નવકારમંત્ર :-

(રાગ:- પ્રિયતમ પ્રભુ નમીએ આપને)

નમું નમું અડસઠ નવકારને, શ્રી મહામંત્ર સુખકારને...ટેક

પ્રથમ પદે અરિહંત જિનેશ્વર, નમું ભવિ તારણહારને...નમું...૧

બીજે પદે નમું સિદ્ધ નિરંજન, ભવજળ પાર ઉતારને...નમું...૨

ત્રીજે પદે આચાર્યજી ઉત્તમ, પાળે પંચાચારને...નમું...૩

ઉપાધ્યાય પદ ચોથે નમીએ, ભણે ભણાવે સારને...નમું...૪

પંચમે પદે નમું મુનિ ગુણધારી, પંચ મહાવ્રત ધારને...નમું...૫

પંચ પદે એ જગમાં જયકારી, પાપ મિટાવણહારને...નમું...૬

ભાવ ધરી જપતા સુખ પામે, નિત્ય નિત્ય મંગળમાળને...નમું...૭

રોગ શોક સંતાપ સમાવે, વિઘ્ન નિવારણહારને...નમું...૮

કહે વિનયમુનિ કર જોડી, નમો નમો નવકારને...નમું...૯



ૐ અર્હન્

નમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

પ્રતિક્રમણ સાર્થ

સામાયિક લીધા પછી સવિનય ઉભા થઈ પંચાંગ નમાવી તત્ર બિરાજિત પરમ પૂજ્ય ગુરુદેવોને (અથવા ગુરુદેવોની અનુપસ્થિતિ હોય તો ઈશાન ખૂણા તરફ શ્રી સીમંધર સ્વામીને) વંદન કરી પ્રતિક્રમણના પ્રથમ આવશ્યકની આજ્ઞા લેવી.

અને પછી નીચે પ્રમાણે પ્રતિક્રમણની શરૂઆત કરવી.

પાઠ ૧ લો

અહો ભગવન્ ! આપશ્રીની અનુમતિ મેળવીને દિવસ સંબંધી લાગેલ પાપની આલોચનારૂપ પ્રતિક્રમણ એટલે પાપ-નિવારણ કરવાની ક્રિયા કરું છું; એટલે કે —

દિવસ સંબંધી જ્ઞાન દર્શન ચારિત્રાચરિત્ર (દેશચારિત્ર) તપ વગેરેમાં અતિચારો લાગ્યા હોય તેના ચિંતવન માટે કાયોત્સર્ગ કરું છું (એટલે કાયાને સ્થિર કરી વચનને રોકી કેવળ મનથી આજના દિવસ સંબંધી લાગેલ પાપની વિચારણા કરું છું.)

નવકાર મંત્રનો પાઠ બોલી કરેમિ ભંતેનો પાઠ બોલવો.

પાઠ ૨ જો

અહો ભગવન્ ! કાયાને સ્થિર કરી વચન રોકી એકાગ્ર બની લાગેલ પાપની વિચારણા કરવા ઇચ્છું છું.

[illegible] સૂક્ષ્મ એકેન્દ્રિય તો હણાતા જ નથી [illegible] [illegible] પચ્ચક્ખાણ કરું છું [illegible] બે કરણ અને ત્રણ જોગથી એટલે કરું નહિ [illegible] મન, [illegible] અને કાયાના જોગથી એવી માફ [illegible]

[illegible] પ્રથમ વ્રત [illegible] અતિચાર લાગે છે તે જાણવા [illegible] જીવોને બાંધવા, વધ કરવો, [illegible] છેદન કરવું, તેની શક્તિ [illegible] ભાર લાદવો, ખાનપાન [illegible] ([illegible] આપવો)

[illegible] પાંચ અતિચારમાંથી કોઈ અતિચાર [illegible] તો તે મારું પાપકર્મ મિથ્યા થાઓ.

જીવદયા નિત્ય પાળીએ, વ્રત, પહેલું કહીએ;
સૂક્ષ્મ બાદર જીવને, અભયદાન જ દઈએ.
સાધારણ પ્રત્યેકમાં, બહુ પાપ જ જાણો;
અનંતકાયને ઓળખી, દયા મન આણો.
[illegible]ની રક્ષા કરો, સર્વ કુટુંબ જાણી આપણું.
[illegible] વાણી વદે. તો ખરું તુજ ડાહાપણું.

પાઠ ૭ મો ૨ જું અણુવ્રત

બીજું અણુવ્રત મોટા અસત્ય બોલવાથી વિરમવું તે [illegible] અસત્ય બોલવાના મુખ્ય પાંચ પ્રકાર છે. જેવા કે—

અને પરિભોગ એટલે વાર વાર ભોગવવાની [illegible]
ચીજના ભોગની મર્યાદા કરવાની [illegible] કરી શકે છે

૧ શરીર લુછવાના રૂમાલ વગેરેની સંખ્યા, ૨ દાતણ વગેરેની જાત અને સંખ્યા, ૩ ફૂલની જાત અને સંખ્યા, ૪ મર્દન માટે તેલની જાત અને માપ ૫ મર્દન માટે પીઠી વગેરેની મર્યાદા ૬ સ્નાન કરવાની સંખ્યા અને પાણીનું માપ ૭ વસ્ત્રની જાત અને સંખ્યા ૮ વિલેપન એટલે સુખડ કેસર તેલ અત્તરની જાત સંખ્યા અને માપ ૯ ફૂલની જાત અને સંખ્યા ૧૦ ઘરેણાંની જાત અને સંખ્યા ૧૧ ધૂપની જાત અને માપ ૧૨ દૂધ રાબડી ઉકાળો વગેરે પીણાની સંખ્યા ૧૩ પકવાનની જાત અને માપ ૧૪ ચોખા વગેરે રંધાયેલી જાત અને મર્યાદા ૧૫ કઠોળ વગેરેની મર્યાદા ૧૬ ઘી દૂધ દહીં આદિ વગેરેની મર્યાદા ૧૭ શાકની જાત અને મર્યાદા ૧૮ મેવા વગેરેની જાત અને મર્યાદા ૧૯ જમણની જાત અને મર્યાદા ૨૦ પાણીનું પ્રમાણ ૨૧ મુખવાસની જાત અને મર્યાદા ૨૨ વાહનની જાત અને સંખ્યા ૨૩ ચંપલ, બૂટ વગેરેની જાત અને સંખ્યા ૨૪ શૈયાની મર્યાદા ૨૫ સચિત વસ્તુની મર્યાદા અને ૨૬ દ્રવ્ય એટલે આજના દિવસમાં કુલ કેટલી સંખ્યા વાપરવી.

ઉપરના છવીશ બોલમાંથી મેં જેની અને જેટલી મર્યાદા કીધી છે તે ઉપરાંત ઉપભોગ અને પરિભોગ એક વખત ભોગવવાની કે વારંવાર ભોગવવાની વસ્તુનો ત્યાગ કરું છું.

જીવન પર્યંત એક કરણ અને ત્રણ યોગથી અર્થાત્ હું ભોગવું નહિ મન વચન કાયાના યોગથી આ મારો ત્યાગ છે.

આ સાતમા ઉપભોગ પરિભોગ વ્રતના બે પ્રકાર કહ્યા છે જેવા કે ભોજન સંબંધી અને આજીવિકાના કર્મ સંબંધી.

તેમાં ભોજન સંબંધી ક્રિયામાં શ્રાવકને પાંચ અતિચાર લાગે છે. તે જાણવા પણ આચરવા નહિ. જેવાં કે સચેત ચીજનો આહાર કરવો. સચેતને સ્પર્શીને રહેલી અચેત વસ્તુનો આહાર કરવો, પુરૂ અચેત ન થયું હોય તેવા કે અપકવ ચીજો, તરતના કરેલ ખારીયા સંભારા વિગેરેનો આહાર કરવો, માઠી રીતે પકવેલ પોક ઓળા ભરથુ વગેરેનો આહાર કરવો, તુચ્છ આહાર જેમાં ખાવું થોડું અને ફેંકવું વધારે તેવી ચીજનો આહાર કરવો. આ પાંચ ભોજનના અતિચાર છે. તે શ્રાવકે સેવવા નહિ.

આજીવિકા માટેની ક્રિયામાં લાગતા કર્મના પંદર પ્રકાર છે. તે જાણવા પણ આચરવા નહિ. જેવાં કે અગ્નિના કાર્ય વડે આજીવિકા કરવી, કોલસા પાડવા, ભઠ્ઠીઓ કરવી, જંગલના વૃક્ષો કાપવાનાં કાર્ય કરવાં, સોડ કરી વસ્તુ વેચવાનો વ્યાપાર અથવા ગાડા વગેરે બનાવી ભાડે આપવા, ઘોડા બળદ રાખી ભાડાથી કામ કરાવવું, ખાણ, કૂવા, તળાવ, વાવ વગેરે ખોદાવવા દાંત હાડકા, શીંગડા વગેરેનો વ્યાપાર કરવો, લાખનો વ્યાપાર કરવો, ઘી, તેલ, એરંડિયું આદિ રસનો વ્યાપાર કરવો, વાળનો વ્યાપાર એટલે ચમરી ગાય, ઘેટાં વગેરેના વાળનો વ્યાપાર કરવો, અફીણ સોમલાદિ વિષનો વ્યાપાર કરવો, યંત્ર વડે શેરડી કપાસ વગેરે
વ્યાપાર, અંગોપાંગ છેદવાં જેવાં કે ઘોડાને ખ

ખૂંટીયાને બળદ કરવા અથવા કાન ચીરવા ડામ દેવા વગેરે, જંગલો બાળવાં ખેતર પર્વતમાં આગ લગાડવી, સરોવર દહ તળાવ વગેરે સુકવી નાખવાનો વ્યાપાર કરવો; દુરાચાર મ. દુરાચારીનું પોષણ કરવું અથવા બિલાડી વગેરે હિંસક પ્રાણ વડે આજીવિકા કરવી.

ઉપરના કર્મ આવવાના પંદર પ્રકાર તથા ભોજનના પાં અતિચારમાંથી આજના દિવસ સંબંધી કોઈ અતિચારનું સેવન થયું હોય તો મારું તે પાપકર્મ મિથ્યા થાઓ.

સાત વ્યસન નવી સેવીએ,, નવિ પીજે તાડી,
છવ્વીસ બોલની ધારણા, તુ ધરજે દહાડી,
પાપ તણો વ્યાપાર, પ્રાણી તું પરિહરજે,
ધન ધાન્ય, કુવિય જાતની, મર્યાદા કરજે,
સંખ્યા દુપદ ચોપદ તણી, દઢ રાખે મ્હારો આત્મા;
પ્રકાશસિંહ વાણી વદે, (કે) એ વ્રત પાળો આત્મા.

પાઠ ૧૩ મો ૮ મું અનર્થદંડ

આઠમું અનર્થદંડ એટલે પ્રયોજન વિના આત્મા જે કર્મ બાંધે છે, તેનાથી વિરમવાનું છે.

આ અનર્થદંડના ચાર પ્રકાર કહ્યા છે જેવા કે-

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ધ્યાવું, પાંચ પ્રમાદનું સેવન કરવું, હિંસક શસ્ત્રો ચાકુ, સૂડી, તલવાર, ભાલો; બંદૂક વગેરે બીજાને આપવા, પાપ કર્મો કરવાનો ઉપદેશ આપવો — આ પાંચેય પ્રકારના અનર્થ દંડ સેવવાનો ત્યાગ કરું છું.

તે જીવન પર્યન્ત બે કારણ અને ત્રણ યોગ વડે એટલે સેવું નહિ બીજા પાસે સેવરાવું નહિ મન વચન અને યાના યોગથી અનર્થ દંડ સેવવાનું ત્યજું છું.

આ અનર્થદંડથી વિરમવાના આઠમા વ્રતના શ્રાવકને ચ અતિચાર લાગે છે. તે જાણવા ખરા પણ આચરવા નહિ. વા કે કંદર્પ એટલે વિષયવિકાર જગાડે એવા વચન બોલવા કાર ઉત્પન્ન થાય તેવી ચેષ્ટા કરવી. વાચાળતા નિરર્થક જેમ મ બોલવું; હિંસક શસ્ત્રો એકઠાં કરવાં, ઉપભોગ પરિભોગનાં ાધનોનો અધિક સંગ્રહ કરવો.

આજના દિવસ સંબંધી ઉપરના પાંચ અતિચારમાંથી કોઈ અતિચારનું સેવન થયું હોય તો મારું તે પાપકર્મ મિથ્યા ાઓ.

વશ રાખજે ત્હારી જીભડી અનર્થદંડે
કામ ન સિજે આપણું, તું શીદને મંડે;
જેથી લાગે પાપ, તેથી તું અળગો રહેજે
ધર્મ ધ્યાનની વાતમાં, તું વળગ્યો રહેજે;
પોતાથી પળતું નથીને, પારકું કયાં લહે,
પ્રકાશસિંહ વાણી વદે, કે ત્હારાં કર્યાં તું સહે.

પાઠ ૧૪ મો ૯ મું સામાયિક વ્રત

નવમું સામાયિક વ્રત એટલે સાવદ્ય યોગથી વીરમવાનું છે. તે જેટલા સમયની મર્યાદા કીધી છે ત્યાં સુધી તેનું પાલન રવું અર્થાત્ ત્યાં સુધી બે કરણ અને ત્રણ યોગથી એટલે કે

[illegible]

[illegible]

[illegible] ન દીજે [illegible],
[illegible] ધારણા, ન ધરજે [illegible],
પાપ તણો વ્યાપાર, પાણી તું પરિહરજે,
ધન ધાન્ય, કુવિત જાતની, મર્યાદા કરજે,
સંખ્યા દુપદ ચોપદ તણી, દઢ રાખે ત્હારો આ
પ્રકાશસિંહ વાણી વદે, (કે) એ વ્રત પાળો

પાઠ ૧૩ મો ૮ મું અનર્થદંડ

આઠમું અનર્થદંડ એટલે પ્રયોજન વિના કર્મ બાંધે છે, તેનાથી વિરમવાનું છે.

આ અનર્થદંડના ચાર પ્રકાર કહ્યા છે જે

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ધ્યાવું, પાં[illegible] કરવું, હિંસક શસ્ત્રો ચાકુ, સૂડી, તલવાર, [illegible] બીજાને આપવા, પાપ કર્મો કરવાનો ઉપ[illegible] પાંચેય પ્રકારના અનર્થ દંડ સેવવાનો ત્ય[illegible]

આ અગિયારમાં પરિપૂર્ણ પોષધ વ્રતના શ્રાવકોને પાંચ અતિચાર લાગે છે તે જાણવા ખરા પણ આચરવા નહિ જેવાકે—

સૂવાબેસવાની જગ્યા; પાટ, પાટલા તથા પથારીનું પ્રતિલેખન ન કરવું અથવા ધ્યાન રાખ્યા વિના જેમ તેમ કરવું, સૂવાબેસવાની જગ્યા પાટ, પાટલા પથારી વગેરેનું પ્રમાર્જન ન કરવું અથવા ધ્યાન રાખ્યા વિના જેમતેમ કરવું, મળમૂત્ર પરઠવાની જગ્યાનું નિરીક્ષણ ન કરવું, અથવા જેમતેમ કરવું, મળમૂત્ર પરઠવાની ભૂમિનું પ્રમાર્જન ન કરવું અથવા જેમતેમ કરવું, પોષધનું સમ્યક્ રીતે એટલે બરાબર યોગ્ય રીતે પાલન ન કરવું.

[illegible]

[illegible]

પાઠ ૧૬ મો ૧૧ મું પોષધ વ્રત

અગિયારમું પરિપૂર્ણ પોષધવ્રત એટલે સર્વથા ભોજન-પાણી, મેવામીઠાઈ, મુખવાસાદિનો ત્યાગ કરવાનો છે. મૈથુન તેમ જ કામની સર્વ ચેષ્ટાનો ત્યાગ કરવાનો છે. હીરા, માણેક, સોના, ચાંદી વિગેરે સર્વ ધાતુનો ત્યાગ, પુષ્પાદિની માળા પહેરવાનો કે ચંદનાદિ વલેપનનો ત્યાગ, શસ્ત્ર મુશળ આદિ સર્વ પ્રકારની સાવદ્ય ક્રિયાનો ત્યાગ કરવાનો છે.

એક અહોરાત્રિ આજના પ્રભાતથી આવતી કાલના પ્રભાત સુધી બેકરણ અને ત્રણ યોગથી સાવદ્ય ક્રિયા હું કરું નહિ, બીજા પાસે કરાવું નહિ; મન, વચન અને કાયાના યોગથી સાવદ્ય ક્રિયાનો ત્યાગ કરું છું.

આ રીતની શ્રદ્ધા અને પ્રરુપણાએ કરી પોષધ કરવાનો અવસર આવે અને પોષધ કરું તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હજો એવી મારી ભાવના છે.

આ અગિયારમાં પરિપૂર્ણ પૌષધ વ્રતના શ્રાવકોને પાંચ અતિચાર લાગે છે તે જાણવા પણ તેનુ આચરવા નહિ જેવાકે—

સૂવાબેસવાની જગ્યા; પાટ, પાટલા તથા પથારીનું પ્રતિલેખન ન કરવું અથવા ધ્યાન રાખ્યા વિના જેમ તેમ કરવું, સૂવાબેસવાની જગ્યા પાટ, પાટલા પથારી વગેરેનું પ્રમાર્જન ન કરવું અથવા ધ્યાન રાખ્યા વિના જેમતેમ કરવું, મળમૂત્ર પરઠવાની જગ્યાનું નિરીક્ષણ ન કરવું, અથવા જેમતેમ કરવું, મળમૂત્ર પરઠવાની ભૂમિનું પ્રમાર્જન ન કરવું અથવા જેમતેમ કરવું, પૌષધનું સમ્યક્ રીતે એટલે બરાબર યોગ્ય રીતે પાલન ન કરવું.

આજના દિવસમા ઉપરના પાંચ અતિચારમાંથી કોઈ અતિચારનું સેવન થયુ હોય તો મારું તે પાપકર્મ મિથ્યા થાઓ.

પૌષધ કીજે ભાવશું, આતમવશ રાગી,
એમ કીધા દશ શ્રાવકે, સૂત્રને સાગી,
જતના કીજે જીવની, સૂક્ષ્મ ને બાદર,
ધ્યાન ધરો નવકારનું, એવું વ્રત આદર,
ક્રોધ, માન, માયા તજી, સમતાનો રસ પીજીએ,
પ્રકાશસિંહ વાણી વદે,(કે)એહવા પૌષધ કીજીએ.

પાઠ ૧૭ મો ૧૨ મું અતિથી સંવિભાગ વ્રત

બારમું અતિથી સંવિભાગ વ્રત એટલે પવિત્ર શ્રમણનિર્ગ્રન્થ સાધુ મુનિરાજોને અચેત અને નિર્દોષ, તે પણ સંયમી આત્મા-

[illegible] મુનિરાજ, [illegible] [illegible] [illegible] [illegible] ભોજન [illegible] આવતો રહું.

[illegible] મારી [illegible] પચ્ચખાણો કરી [illegible] [illegible] મુનિરાજ [illegible] યોગ મળે ત્યારે [illegible] કરી [illegible].

આવા બારમા અતિથિ સંવિભાગ વ્રતના શ્રાવકને પાંચ અતિચાર લાગે છે તે જાણવા ખરા પણ આચરવા નહિ.

સચેત ઉપર મૂકેલી હોય તેવી વસ્તુ આપવી, આપવા જેવી વસ્તુ ઉપર સચેત મૂકેલી હોય અર્થાત્ ઢાંકેલી હોય તેવી ચીજ આપવી, કાળ વીતી જવાથી બગડી ગઈ હોય તેવી ચીજ આપવી; દાન આપવાનું બીજાને કહેવું, દાન આપી અભિમાન કરવું.

આજના દિવસ સંબંધી ઉપરના પાંચ અતિચારમાંથી કોઈ અતિચારનું સેવન કર્યું હોય તો તે મારું પાપકર્મ મિથ્યા થાઓ.

હવે કહું વ્રત બારમું સુણ ઉત્તમ પ્રાણી,
જમવા વેળા આતમા, ચિંતવણા આણી,
જો આવે મુનિરાજ, પંચ મહાવ્રતધારી,
દોષ રહિત દેઉં દાન, હૈડે હર્ષ વધારી,
દ્વાદશ વ્રત શ્રાવક તણાં, શુદ્ધ સમકિતથી પાળશે;
પ્રકાશસિંહ વાણી વદે,(તે) મુક્તિના સુખ મ્હાલશે.

પાઠ ૧૮ મો અનસન તપ

અનસન તપ એટલે જીવનના અંત સમે કરવાનું કર્મને તોડવાં. એવો તપ. અથવા અનસન એટલે જીવતા સંથારો કરવો તેને

પોષધ શાળા એટલે મકાન કરવાની જગ્યાનું સારી રીતે નિરીક્ષણ કરીને. સારી રીતે પ્રમાર્જન કરીને. મળમૂત્રાદિ પરઠવવાની જગ્યાનું સારી રીતે નિરીક્ષણ કરીને પ્રમાર્જન કરીને જતાં આવતાં લાગેલ પાપને પ્રતિક્રમીને, ઘાસ વગેરેની પથારી પાથરીને, તે પથારી ઉપર ચઢી પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખી પલાંઠી વાળીને બેસીને. બન્ને હાથ જોડીને, અંજલી કરી મસ્તકે અડાડી આ રીતે બોલવું.

અરિહંત ભગવાનો કે જે સર્વ કર્મ ક્ષય કરી મોક્ષમાં પધારી ગયા છે. તેમને મારો નમસ્કાર હોજો અર્થાત્ નમોત્થુણં પૂરું બોલી જવું.

એમ અનન્ત સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીને પછી પોતાના ધર્માચાર્ય ધર્મગુરુને નમસ્કાર કરી પહેલાં જે વ્રતો આદર્યા છે, અંગીકાર કર્યાં છે, તેમાં જે જે દોષો લાગ્યા હોય તે યાદ કરી તેનો પશ્ચાત્તાપ કરી નિંદા કરી તે પાપ રૂપ શલ્યને દૂર કરી ફરી નવેસરથી તે વ્રતો અંગીકાર કરું છું તે એવી રીતે કે

સર્વથા પ્રાણી હિંસાનો ત્યાગ કરું છુ; સર્વથા અસત્ય બોલવાનો ત્યાગ કરું છું, સર્વ પ્રકારે અદત્ત લેવાનો ત્યાગ

કરું છું, સર્વ પ્રકારના મૈથુન સેવવાનો ત્યાગ કરું છું, સર્વ પ્રકારના પરિગ્રહ રાખવાનો ત્યાગ કરું છું.

સર્વ પ્રકારના ક્રોધને, સર્વ પ્રકારના માનને, સર્વ પ્રકારની માયાને અને સર્વ પ્રકારના લોભને ત્યજું છું; તે છેલ્લે મિથ્યા દર્શન શલ્ય સુધીના અઢારે પાપને ત્યજું છું સાથો સાથ નહિ કરવા જોગ સર્વ કાર્યને પણ ત્યજું છું.

તે જીવન પર્યંત ૩ કરણ અને ૩ યોગ એટલે કે કરું નહિ; કરાવું નહિ અને કરતાને અનુમોદન આપું નહિ. મન વચન અને કાયા એમ ત્રણ યોગથી આ મારો ત્યાગ છે.

સર્વ પ્રકારના ભોજન પાણી મેવા મીઠાઈ મુખવાસાદિ ચારેય પ્રકારના આહારનો ત્યાગ કરું છું. તે પણ જીવન પર્યંત ઉપર પ્રમાણે જ ત્રણ કરણ અને ત્રણ યોગથી ત્યાગું છું.

આ શરીર જે મને ખૂબજ પ્રિય હતું, ઇષ્ટ હતું, કાન્ત હતું, મનને પસંદ અતિ વહાલું હતું, ધૈર્ય આપનાર હતું, જેના વિશ્વાસમાં હું હતો, મારા માટે માન્ય હતું, અન્ય જનતાને પણ માન્ય હતું, ઘણા જનોને માન્ય હતું, ઘરેણાની પેટી જેવું લાગતું હતું.

હું એને માટે વિચારતો હતો કે તેને ઠંડી ન લાગો, ગરમી ન લાગો, ભુખની પીડા ન થાઓ, તરસ ન લાગો, સાપ વગેરે જંતુ ન કરડો, ચોર ડાકુ નુકસાન ન પહોંચાડો, ડાંસ મચ્છર ન કરડો, વાયુ પિત્ત સળેખમ સન્નિપાત વગેરે વિવિધ બીમારીઓ કે જીવલેણ દરદો કે પરિસહ ઉપસર્ગો પીડા ન કરો, એમ વિચારી

પાલન કર્યું છે, એવા પ્રિય શરીરને પણ છેલ્લા
સુધી ત્યજું છું.

રીતે શરીરના મમત્વને ત્યજવા છતાં મૃત્યુ જલદી
એવું નહિ વિચારતો થકો વિચરું-

પ્રમાદે મારી શ્રદ્ધા અને પ્રરુપણાએ કરી સંથારાનો
આવે અને સંથારો કરું તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ

એવી જીવનના અંતની છેલ્લી કર્મક્ષયકારક સંથારાની
ધનાના શ્રાવકને પાંચ અતિચાર લાગે છે તે જાણવા ખરા
આચરવા નહિ જેમ કે

આ લોકના સંસારી સુખની ઇચ્છા કરવી, પરલોકના
ખોની ઇચ્છા કરવી, જીવન લંબાવવાની ઇચ્છા કરવી, મૃત્યુ
જલદી આવે એમ ઇચ્છવું-કે કામભોગની ઇચ્છા કરવી તે.

આજના દિવસ સંબંધી આ પાંચ અતિચારમાંથી કોઈ
અતિચારનું સેવન થયું હોય તો મારું તે પાપકર્મ મિથ્યા થાઓ.

આ રીતે જ્ઞાન, સમકિત; પૂર્વક બાર વ્રત સંથારા સહિત
નવ્વાણું અતિચારને વિષે કોઈ અતિક્રમ; વ્યતિક્રમ; અતિચાર
અણાચારનું સેવન કર્યું હોય કરાવ્યું હોય કે અનુમોદ્યું હોય
તો મારું તે પાપકર્મ મિથ્યા થાઓ.

પાઠ ૧૯ મો અઢાર પાપ સ્થાનક

અઢાર પાપ સ્થાનક સંબંધી પાપ લાગ્યું હોય તો આલોઉં
જેવા કે પ્રાણીહિંસા, અસત્ય, ચોરી અથવા અણદીધેલ લેવું, મૈથુન,

પરિગ્રહનું મમત્વ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ (આસક્તિ દ્વેષ, કલેશ, કોઈને આળ આપવું, ચાડી કરવી, નિન્દા કરવી અધર્મમાં રૂચિ અથવા ગુણમાં હર્ષ, ધર્મમાં અરુચિ, કપટસહિત અસત્ય બોલવું, કુદેવ-કુગુરુ-કુધર્મમાં દિલ લગાડવું.-

આ અઢાર પાપ બાંધવાના નિમિત્ત છે તેમાંથી આ દિવસ સંબંધી કોઈ પણ પ્રકારે પાપકર્મ બાંધ્યું હોય મારું પાપકર્મ મિથ્યા થાઓ —

પાઠ ૨૦ મો ૨૫ મિથ્યાત્વ

૨૫ પ્રકારના મિથ્યાત્વ સંબંધી જે જે દોષો લાગ્યા આલોઉં ૧ જાણપણા વિના ખોટી પકડ કરવી તે મિ સાચા ખોટાના ભેદ જાણ્યા વિના દરેક ધર્મને સરખા મ મિથ્યાત્વ, ૩ પોતાના અસત્યને સત્ય બનાવવાનો દુરાગ્રહ તે મિથ્યાત્વ ૪ તદ્દન સમજણનો અભાવ તે મિથ્ય અને ૫ર એમ દરેકમાં સંશય જ કરવો તે મિથ્યાત્વ ૬ પર્વને માનવા તે મિથ્યાત્વ ૭ પારલૌકિક સુખ આ ગુરુ કે ધર્મને આ લોકના સુખ માટે માનવા તે ૮ કુડા પ્રવચનકાર પાખંડીઓને માનવા તે મિથ્યાત્વ જીવ કહેવો તે મિથ્યાત્વ ૧૦ જીવને અજીવ કહે ૧૧ સુસાધુને કુસાધુ કહે તે મિથ્યાત્વ ૧૨ કુસાધુને તે મિથ્યાત્વ ૧૩ મોક્ષ માર્ગને ઉન્માર્ગ કહે તે ૧૪ ઉન્માર્ગને મોક્ષ માર્ગ કહે તે મિથ્યાત્વ ૧૫ કુ સુધર્મ કહે તે મિથ્યાત્વ ૧૬ સુધર્મને કુધર્મ કહે તે મિ

૧૭ આઠ કર્મથી મુકાણા તેને નથી મુકાણા કહે તે મિથ્યાત્વ ૧૮ આઠ કર્મથી નથી મુકાણા તેને મુકાણા કહે તે મિથ્યાત્વ ૧૯ જિન માર્ગથી ઓછું પ્રરૂપે તે મિથ્યાત્વ ૨૦ જિન માર્ગથી અધિક પ્રરૂપે તે મિથ્યાત્વ ૨૧ જિન માર્ગથી વિપરીત પ્રરૂપે તે મિથ્યાત્વ ૨૨ અવિનય મિથ્યાત્વ ૨૩ અક્રિયા (ક્રિયાનો અભાવ) તે મિથ્યાત્વ ૨૪ અજ્ઞાન મિથ્યાત્વ ૨૫ અશાતના મિથ્યાત્વ

આ પચીશ પ્રકારના મિથ્યાત્વમાંથી મારા જીવે આજના દિવસ સંબંધી જે જે દોષો સેવ્યા હોય તે સર્વ મારું પાપકર્મ મિથ્યા થાઓ.

પાઠ ૨૧મો ૧૪ પ્રકારના સમુર્છિમ

ચોદ પ્રકારના સમુર્છિમ જીવો સંબંધી પાપ લાગ્યું હોય તો તે આલોવું ૧ લે મળમાં પેદા થતા સૂક્ષ્મ જીવો ૨ પેશાબમાં ઉત્પન્ન થતા ૩ બળખામાં ૪ નાકની લીંટમાં ૫ વમન એટલે ઉલ્ટીમાં ૬ પિત્તમાં ૭ પરૂમાં ૮ લોહીમાં ૯ વીર્યમાં ૧૦ વીર્યના સુક્કા પુદ્દગલ ફરી લીલા થાય તેમાં ઉત્પન્ન થાય તે ૧૧ મૃતક શરીરમાં ૧૨ સ્ત્રી પુરુષના સમાગમમાં ૧૩ નગરની ખાળો એટલે ગટરોમાં ૧૪ અશુચિના કોઈ પણ સ્થાનમાં થતા જીવો.

આ જીવોને સમુર્છિમ કહે છે. આજના દિવસ સંબંધી મારા તરફથી તે જીવોની વિરાધના થઈ હોય તો મારું તે પાપકર્મ મિથ્યા થાઓ.

અહીં નીચેના પાઠ બોલાવા.

ઇચ્છામિ આલોઉં જોમિ દેવસીઓ પ્રતિક્રમણનો બીજો પાઠ, નવકાર મંત્ર અને કરેમિ ભંતેનો પાઠ બોલાવો.

પાઠ ૨૨ મો

માંગલિક

જગતમાં મંગળ ચાર છે. અરિહન્ત દેવો મંગળ સ્વરૂપ છે, સિદ્ધ ભગવંતો મંગળ સ્વરૂપ છે, સાધુ મુનિરાજો મંગળ સ્વરૂપ છે અને કેવળી ભગવંતે પ્રરૂપેલ દયામય ધર્મ મંગળ સ્વરૂપ છે.

જગતમાં ઉત્તમ ચાર છે અરિહન્ત દેવો ઉત્તમ છે સિદ્ધ ભગવંતો ઉત્તમ છે. સાધુ મુનિરાજો ઉત્તમ છે. કેવળી ભગવંતે પ્રરુપેલ દયામય ધર્મ ઉત્તમ છે.

આ ચારના શરણ હું સ્વીકારું છું. અરિહંત દેવોનું શરણું હું સ્વીકારું છું. સિદ્ધ ભગવંતોનું શરણું હું સ્વીકારું છું. સાધુ મુનિરાજોનું શરણું હું સ્વીકારું છું. અને કેવળી ભગવંતે પ્રરૂપેલ દયામય ધર્મનું શરણું હું સ્વીકારું છું.

ચાર શરણા કરે જેહ, ભવસાગરમાં ન બુડે તેહ,
સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખલહે અનંત.
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુકતે જાય,
સંસાર માંહી શરણા ચાર અવર શરણ નહિ કોય,
જે નર નારી આદરે, તેને અક્ષયઅવિચળ પદ હોય.

[illegible]

[illegible] સમકિત [illegible]

[illegible] નિત્ય [illegible]

[illegible]

[illegible] જીવ [illegible]

[illegible] નિત્ય નિત.

: આલોચના :

ચાર ગતિમાં ફરતાં, ૨૪ દંડકમાં, ૮૪ લાખ જીવાયોનિમાં એક ક્રોડ સાડીસત્તાણું લાખ કુલ કોડીના જીવને મારા જીવે કે ખમાવું છું.—

આજના દિવસ સંબંધી આરંભ કે સમારંભ કરતા મન વચન કાયાએ કરી દ્રવ્યપ્રાણ કે ભાવપ્રાણ દુભાવ્યા હોય. પરિતાપના, કિલામના કે ભીક ઉપજાવી હોય, ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, કારણથી, ભયથી, હઠથી કે ધૃષ્ટતાથી, દુષ્ટ લેશ્યા કરી, આર્તધ્યાન કે રૌદ્રધ્યાનથી પ્રમાદથી કે કુસંગથી, કોઈ જીવોને દુઃખમાં જોડ્યા હોય, સુખ છીનવી લઈ દુઃખ આપ્યું હોય, પ્રાણ, પર્યાપ્તિ, સંજ્ઞા, ઇન્દ્રિય, અથવા તેઓને પ્રાપ્ત થયેલ લબ્ધિ કે ઋદ્ધિથી ભ્રષ્ટ કર્યા હોય, સામે આવતા હણ્યા હોય કે તેને સ્થાનેથી ઉપાડી બીજા સ્થાને મૂક્યા હોય, જીવ અને કાયા જુદા કર્યા હોય તો તે સર્વ.

અઢાર લાખ ચોવીસ હજાર એકસો વીસ પ્રકારે દોષ લાગ્યા હોય તો તે સર્વ અરિહંત સિદ્ધ ભગવંતોની સાક્ષીએ

તે પાપને હું નિંદુ છું. મારું તે પાપકર્મ નિષ્ફળ થાઓ.

અહીં ઇચ્છામિ 'પડિક્કમીઉં' પ્રતિક્રમણનો ૨જો પાઠ બોલવો પછી 'ઇચ્છામિ પડિક્કમીઉં' સામાયિકનો ત્રીજો પાઠ બોલવો. પછી 'સમણસુત્ત' બોલવાના છે.

પાઠ ૨૩ મો શ્રમણ સૂત્ર ૧ લું

શયન સમયે લાગેલ દોષથી નિવૃત્ત થવાને ઇચ્છું છું. તે દોષો કેવી રીતે લાગે છે કે વધારે સૂઈ રહેવાથી, વધારે ઉપકરણો એકઠા કરવાથી, જોયા પુંજ્યા વિના પડખું ફેરવવાથી, વારંવાર પડખા ફેરવવાથી, જોયા પુંજ્યા વિના અંગોપાંગ સંકોચવા કે લંબાવવાથી જૂં વગેરે ત્રસ જીવોને સ્પર્શથી દુઃખ થવાથી, યત્ના વિના અવ્યક્ત શબ્દો પણ બોલાયા હોય; પાટ વગેરે આસન અસ્થિર હોવાથી શબ્દ થયા હોય, અયત્નાથી છીંક ખાધી હોય, અયત્નાથી બગાસું ખાધું હોય, કોઈને પણ સ્પર્શ કર્યો હોય સચિત રજ સહિત શૈયાને સ્પર્શ કર્યો હોય આકુળતા કે વ્યાકુળતા થઈ હોય, સ્વપ્નમાં દોષો સેવ્યા હોય, જેવાં કે ભ્રમથી સ્ત્રી સાથે ક્રીડા કરી હોય, દષ્ટિ ભ્રમથી અથવા માનસિક ભ્રમથી ક્રીડા કરી હોય, ભોજન પાણી ભ્રમથી વાપર્યું હોય વગેરે.

અજના દિવસ સંબધી મારાથી જે કોઈ અતિચારનું સેવન થયું હોય તો તે મારું પાપકર્મ મિથ્યા થાઓ.

પાઠ ૨૪ મો શ્રમણ સૂત્ર બીજું

ગોચરીએ જતાં લાગેલ દોષથી નિવર્તું છું.

ભોજન પાણીની ગવેષણા કરવા જતાં બંધ કમાડ ઉઘાડ્યાં હોય, કૂતરા, વાછડા, બાળક વગેરેને ઓળંગીને કે સ્પર્શ કરીને ગયો હોય, ભોજનમાંથી ઉપરનો અલગ કાઢી રાખેલ ભાગ લીધો હોય, બલી માટે રાખેલ ભાગ લીધો હોય, સાધુ માટે મૂકી રાખેલ લીધો હોય; વસ્તુ દોષિત હોવાની શંકા આવવા છતાં લીધી હોય, ઉતાવળે (૨) લીધું હોય, અકલ્પનીય એવા દોષિત ચીજો લીધી હોય, ભોજનની વસ્તુમાં નાના પ્રાણી આવી જવાથી, સચેત બીજ કે લીલી વનસ્પતિ ભોજન સાથે આવી ગયા હોય.

ભીક્ષા આપ્યા પછી ગૃહસ્થો હાથ કે વાસણ વગેરે કાચા પાણીથી ધોવે તે, ભીક્ષા આપતા પહેલાં ગૃહસ્થો હાથ કે વાસણ વગેરે કાચા પાણીથી ધોવે તે.

દૃષ્ટિ ન પહોંચે એવી જગ્યાએથી લાવીને આપે, ભીના હાથે આપે તે, સચેત રજ ચોંટેલી ચીજ આપે તે, છાંટા પાડતા કે ઢોળતાં અથવા જમીન ઉપર વિખેરતા વહોરાવે તે, ફેંકવા જેવી વસ્તુ વહોરાવે તે, બીજા પાસેથી ચીજ માગી લાવીને વહોરાવે તે, આધા કર્માદિ ઉદ્ગમનના ૧૬ દોષમાંથી કે ઉત્પાદનના ૧૬ દોષમાંથી કોઈ દોષનું સેવન કર્યું હોય, એષણાના ૧૦ દોષમાંથી કોઈ દોષ લાગ્યો હોય, અથવા કોઈ રીતે અશુદ્ધ વસ્તુ ગ્રહણ કરી હોય, કે ભોગવી હોય અથવા પરઠવવા યોગ્ય ન પરઠવી હોય અને એ રીતે—

આજના દિવસ સંબં[illegible] [illegible]પકર્મ[illegible] મિથ્યા થાઓ.

પાઠ ૨૫ મો શ્રમણ સૂત્ર ૩ જું

સજ્ઝાય કે પ્રતિલેખનના લાગેલ દોષથી નિવર્તું દિવસ અને રાત્રિના પ્રથમ અને ચતુર્થ પ્રહર એમ ચાર સજ્ઝાય માટેના છે તેમાં સજ્ઝાય કરતાં કોઈ દોષનું થયું હોય અથવા એ સમય છોડીને સજ્ઝાય કરી હોય, ? અને સાંજે એમ બન્ને સમય વસ્ત્ર પાત્ર પાટ પાટલા ' ઉપકરણનું પ્રતિલેખન ન કર્યું હોય અથવા જેમ તેમ પ્રતિલે કર્યું હોય તે, ઉપકરણોનું પ્રમાર્જન ન કર્યું હોય અથવા ' તેમ કર્યું હોય.

આજના દિવસ સંબંધી કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અ ચરા, અણુચાર, લાગ્યા હોય તો તે મારું પાપકર્મ નિષ્ફળ થાચે

પાઠ ૨૬ મો શ્રમણ સૂત્ર ૪થું

એક પ્રકારના અસંયમથી વીરમું છું, બંધનો બે છે રાગ અને દ્વેષ રૂપ બન્ને બંધનો છોડવા જેવાં છે. દંડ ત્રણ પ્રકારના છે મન વચન અને કાયાના દંડ, મનથી અશુભ ચિંતવન કરવું, અહિતકર વાણી બોલવી, અયત્નાથી કાયાને વર્તાવવી આ ત્રણેય. દંડો છોડવા જોગ છે. ગુપ્તિના ત્રણ પ્રકાર છે. મન ગુપ્તિ, વચન ગુપ્તિ કાય ગુપ્ત આ ત્રણ આચરવા યોગ્ય છે. શલ્ય ત્રણ પ્રકારના છે. માયા રૂપ શલ્ય, નિયાણ શલ્ય, મિથ્યા દર્શન શલ્ય એટલે કે કપટ કરવું, કરણીના ફળની ઇચ્છા કરવી, કુદેવ, કુગુરુ, કુધર્મને માનવા આ ત્રણ શલ્યો છોડવા જેવા છે. ગર્વ ત્રણ પ્રકારના છે. મોટી રિદ્ધિનો ગર્વ કરવો. રસનો

ગર્વ કરવો, કે શાતા રૂપ સુખ સામગ્રીનો ગર્વ કરવો. આ ત્રણે ગર્વો છોડવા યોગ્ય છે.

વિરાધના ત્રણ પ્રકારની છે જ્ઞાનની વિરાધના, દર્શનની વિરાધના અને ચારિત્રની વિરાધના આ વિરાધના છોડવા યોગ્ય છે.

કષાયના ચાર પ્રકાર છે. ક્રોધકષાય, માનકષાય, માયાકષાય, લોભકષાય, આ ચારે કષાય છોડવા જેવા છે. સંજ્ઞાના ૪ પ્રકાર આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા આ ચારે સંજ્ઞા ત્યાજ્ય છે. વિકથાઓ ચાર છે. સ્ત્રી સંબંધીની સૌન્દર્ય, વેશભૂષા વગેરેની કથા, ભોજનની કથા, દેશની ખટપટોની કથા, કે રાજ્યની યુદ્ધ વગેરેની કથા આ ચારે કથાઓ ત્યાજ્ય છે.

ધ્યાનના ચાર પ્રકાર છે. આર્તધ્યાન એટલે ચિંતા આક્રંદ કરવું. રૌદ્રધ્યાન, અન્ય નાનામોટા પ્રાણીની હિંસા યા દુઃખ દેવાની ચિતવના, ધર્મધ્યાન એટલે શ્રદ્ધા જ્ઞાન પ્રાપ્તિ કે વ્રત નિયમની વિચારણા અને ચોથું શુક્લ ધ્યાન ઉજ્જવળ ધ્યાન જેના વડે કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે તે પ્રથમના બે છોડવા જેવા અને છેલ્લા બે આચરવા જેવા છે. ક્રિયા પાંચ પ્રકારની છે. કાયાથી થતી ક્રિયા, અધિકરણથી થતી ક્રિયા, દ્વેષથી થતી ક્રિયા, પ્રાણીને સંતાપવાથી લાગતી ક્રિયા, પ્રાણીના વધથી થતી ક્રિયા આ પાંચેય ક્રિયાઓ ત્યાજ્ય છે વિષયના પાંચ પ્રકાર છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ આ પાચેય છોડવા જેવા છે.

પાઠ ૨૫ મો શ્રમણ સૂત્ર ૩ જું

સજ્ઝાય કે પ્રતિલેખનના લાગેલ દોષથી નિવર્તું છું- દિવસ અને રાત્રિના પ્રથમ અને ચતુર્થ પ્રહર એમ ચાર પ્રહર સજ્ઝાય માટેના છે તેમાં સજ્ઝાય કરતાં કોઈ દોષનું સેવન થયું હોય અથવા એ સમય છોડીને સજ્ઝાય કરી હોય, પ્રભાત અને સાંજે એમ બન્ને સમય વસ્ત્ર પાત્ર પાટ પાટલા વગેરે ઉપકરણનું પ્રતિલેખન ન કર્યું હોય અથવા જેમ તેમ પ્રતિલેખન કર્યું હોય તે, ઉપકરણોનું પ્રમાર્જન ન કર્યું હોય અથવા જેમ તેમ કર્યું હોય.

આજના દિવસ સંબંધી કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચરા, અણચાર,લાગ્યા હોય તો તે મારું પાપકર્મ નિષ્ફળ થાઓ

પાઠ ૨૬ મો શ્રમણ સૂત્ર ૪થું

એક પ્રકારના અસંયમથી વીરમું છું, બંધનો બે છે રાગ અને દ્વેષ રૂપ બન્ને બંધનો છોડવા જેવાં છે. દંડ ત્રણ પ્રકારના છે મન વચન અને કાયાના દંડ, મનથી અશુભ ચિંતવન કરવું, અહિતકર વાણી બોલવી, અયત્નાથી કાયાને વર્તાવવી આ ત્રણેય. દંડો છોડવા જોગ છે. ગુપ્તિના ત્રણ પ્રકાર છે. મન ગુપ્તિ, વચન ગુપ્તિ કાય ગુપ્ત આ ત્રણ આચરવા યોગ્ય છે. શલ્ય ત્રણ પ્રકારના છે. માયા રૂપ શલ્ય, નિયાણ શલ્ય, મિથ્યા દર્શન શલ્ય એટલે કે કપટ કરવું, કરણીના ફળની ઇચ્છા કરવી, કુદેવ, કુગુરુ, કુધર્મને માનવા આ ત્રણ શલ્યો છોડવા જેવા છે. ગર્વ ત્રણ પ્રકારના છે. મળેલી રિદ્ધિનો ગર્વ કરવો. રસનો

ગર્વ કરવો, કે શાતા રૂપ સુખ સામગ્રીનો ગર્વ કરવો. આ ત્રણે ગર્વો છોડવા યોગ્ય છે.

વિરાધના ત્રણ પ્રકારની છે જ્ઞાનની વિરાધના, દર્શનની વિરાધના અને ચારિત્રની વિરાધના આ વિરાધના છોડવા યોગ્ય છે.

કષાયના ચાર પ્રકાર છે. ક્રોધકષાય, માનકષાય, માયાકષાય, લોભકષાય, આ ચારે કષાય છોડવા જેવા છે. સંજ્ઞાના ૪ પ્રકાર આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા આ ચારે સંજ્ઞા ત્યાજ્ય છે. વિકથાઓ ચાર છે. સ્ત્રી સંબંધીની સૌન્દર્ય, વેશભૂષા વગેરેની કથા, ભોજનની કથા, દેશની ખટપટોની કથા, કે રાજ્યની યુદ્ધ વગેરેની કથા આ ચારે કથાઓ ત્યાજ્ય છે.

ધ્યાનના ચાર પ્રકાર છે. આર્તધ્યાન એટલે ચિંતા આક્રંદ કરવું. રૌદ્રધ્યાન, અન્ય નાનામોટા પ્રાણીની હિંસા યા દુઃખ દેવાની ચિંતવના, ધર્મધ્યાન એટલે શ્રદ્ધા જ્ઞાન પ્રાપ્તિ કે વ્રત નિયમની વિચારણા અને ચોથું શુકલ ધ્યાન ઉજ્જવળ ધ્યાન જેના વડે કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે તે પ્રથમના બે છોડવા જેવા અને છેલ્લા બે આચરવા જેવા છે. ક્રિયા પાંચ પ્રકારની છે. કાયાથી થતી ક્રિયા, અધિકરણથી થતી ક્રિયા, દ્વેષથી થતી ક્રિયા, પ્રાણીને સંતાપવાથી લાગતી ક્રિયા, પ્રાણીના વધથી થતી ક્રિયા આ પાંચેય ક્રિયાઓ ત્યાજ્ય છે વિષયના પાંચ પ્રકાર છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ આ પાચેય છોડવા જેવા છે.

[illegible] કરવું, [illegible] [illegible] સમિતિ પાંચ પ્રકારની [illegible] સાવધ [illegible] સમજવાવાળી સમિતિ, એષણા આહારાદિ નિર્દોષ [illegible] સમજવાવાળી સમિતિ, વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણ ચલાવી [illegible] મૂકવાનું સમજવાવાળી સમિતિ, ઝાડા પેશાબ બળખા મેલ લીંટ વગેરે ક્રમ અને ક્યાં પરઠવવું તે સમજવાવાળી સમિતિ.

જીવો જગતમાં છ પ્રકારના છે. પૃથ્વીના જીવ, પાણીના જીવ, અગ્નિના જીવ, વાયુના જીવ, વનસ્પતિના જીવ અને છઠ્ઠા હાલતાચાલતા જીવ એટલે ત્રસ જીવ. લેશ્યા છ પ્રકારની છે. કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપુત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને છઠ્ઠી શુક્લ લેશ્યા.

ભયના સ્થાન ૭ છે, આ લોકનો ભય, પરલોકનો ભય, ધન ભય, અકસ્માત ભય, આજીવિકા ભય, મરણ ભય, અપયશ ભય આ સાત પ્રકારના ભય, છે. મદના આઠ સ્થાન છે. જાતિ-મદ, કુલમદ, બળમદ, રૂપમદ, તપમદ, લાભમદ, સૂત્રમદ, મોટાઈનો મદ. બ્રહ્મચર્યની ગુપ્તિના નવ પ્રકાર છે. જેવાકે ૧ સ્ત્રી પશુ કે નપુંસક જ્યાં રહેતા હોય ત્યાં રહેવું નહિ ૨ સ્ત્રીના સૌંદર્ય વેશભૂષા વગેરેની કથા કરવી નહિ ૩ સ્ત્રીએ તાજે-તરમાં વાપરેલ આસનને અંત [illegible]
૪ સ્ત્રીઓના અંગોપાંગ વિષય

હેની હોય ત્યાં ભીંત પ્રમુખના અંતરમાં કે જ્યાં તેમના શબ્દો સંભળાઈ શકે તેવા સ્થાનમાં રહેવું નહિ. ૬ પૂર્વના કરેલા ભોગો કે ક્રીડા યાદ કરવી નહિ ૭ ઘી વગેરે રસવાળા માદક પદાર્થવાળો આહાર લેવો નહિ. ૮ તેમજ આહાર સાદો પણ વધારે દબાવીને વાપરવો નહિ. ૯ ચંદનાદિ વિલેપન શરીર લગાડવું નહિ. આને બ્રહ્મચર્યની નવવાડ પણ કહે છે. શ્રમણનો ધર્મ દશ પ્રકારનો છે. ક્ષમા, નિર્લોભતા, સરળતા, નિરભિમાનતા, લઘુતા, સત્ય, સંયમ અને તપ, ત્યાગ અને બ્રહ્મચર્ય એ દશ.

શ્રાવકની પડિમા અગિયાર પ્રકારની છે, સાધુની પડિમાના બાર પ્રકાર છે, ક્રિયા આવવાના તેર સ્થાન છે, પ્રાણીના ભેદ ૧૪ પ્રકારે છે, પરમાધામી દેવોના પંદર પ્રકાર છે. સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના સોળ અધ્યયન છે.અસંયમના ૧૭ પ્રકાર છે; અબ્રહ્મચર્યના અઢાર પ્રકાર છે, જ્ઞાતા ધર્મકથા સૂત્રના પ્રથમશ્રુત સ્કંધના ૧૯ અધ્યયન છે. અસમાધિ થવાના ૨૦ સ્થાન છે. એકવીશ પ્રકારના મોટા દોષો છે. પરિસહના બાવીશ પ્રકાર છે સૂયગડાંગ સૂત્ર પુરાના ૨૩ અધ્યયન છે દેવતાના પ્રકાર ૨૪ છે ભાવના ૨૫ પ્રકારની છે, દશાશ્રુત સ્કંધના ૧૦ બૃહત્‌કલ્પના ૬ અને વ્યવહારના ૧૦ એમ કુલ ૨૬ અધ્યયન છે, સાધુજીના ૨૭ ગુણ છે, આચાર કલ્પના ૨૮ અધ્યયન છે, જેવાં કે આચારાંગ સૂત્રના ૨૫ અને નિશિથ સૂત્રના ૩ એમ મળી ૨૮ અધ્યયન છે ઓગણત્રીસ પ્રકારના, પાપસૂત્ર છે મહામોહનીયના ૩૦ સ્થાન છે સિદ્ધભગવંતોના એકત્રીસ ગુણ છે. યોગનો સંગ્રહ ૩૨ પ્રકારનો છે અને અશાતના ૩૩ પ્રકારની છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible] કુળમાં જન્મ લે છે. માતાના ગર્ભમાં આવે ત્યારથી જ મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે. તેથી ગર્ભમાં રહ્યા થકા બહારની વાતો જાણી શકે છે. જે રાત્રિએ ભગવાન માતુશ્રીની કુક્ષીમાં આવે તે જ રાત્રે માતુશ્રીને ૧૪ મહાસ્વપ્ન આવે છે. [illegible] અતિ સુંદર આનંદજનક ભગવાન આપવા જેવા દોહદો ઉત્પન્ન થાય છે. માતુશ્રીનું જીવન આહ્લાદમય, ઉલ્લાસમય અને શક્તિ સંપન્ન બને છે. જન્મ સમયે દેવદેવીઓની હારમાળા લાગી જાય છે. ઈન્દ્ર મહારાજ પોતે સેવામાં પધારે છે. અને જન્મ મહોત્સવ મનાવે છે. પછી પિતારાજા જન્મ મહોત્સવ કરે છે. બાલ્યવયમાં પણ અનેક આદર્શો બતાવતા યૌવનવયમાં આવે છે. કેટલાક કુમારપણે જ દીક્ષા લે છે. કેટલાક ઉદાસીનપણે ભોગો ભોગવીને, તેમજ કેટલાક રાજ્ય વૈભવ ભોગવીને દીક્ષા લે છે. કેટલાક છખંડ સાધી ચક્રી પદ પ્રાપ્ત કરી સંયમમાર્ગે ગમન કરે છે. તે વખતે પાંચમાં દેવલોકમાં રહેલ નવલોકાન્તિકના મહર્ધિક દેવો ભગવાન પાસે આવે છે "પ્રભો! તીર્થ પ્રવર્તાવો, મોક્ષમાર્ગ ચાલુ કરો" એવી બેહાથ જોડીને વિનંતિ કરે છે. ત્યારે પ્રભુશ્રી દાનમાર્ગને :

[illegible]

[illegible] કાંગરા, ત્યાંથી ૧૩૦૦ ધનુષ્યના અંતર પર બીજો સુવર્ણનો
કોટ અને રત્નનાં કાંગરા, ત્યાંથી ૧૩૦૦ ધનુષ્યના અંતર પર
ત્રીજો રત્નનો કોટ અને મણિના કાંગરા એમ ત્રણ કોટ બનાવે
છે પ્રથમ કોટને દશ હજાર પગથિયાં બીજાને પાંચ હજાર
પગથિયાં, ત્રીજાને પણ પાંચ હજાર પગથિયાં છે. લગભગ
અઢીગાઉ જેટલું સ્થાન થાય છે. પણ પ્રભુશ્રીના અતિશયથી ત્યાં
પગથિયાં ચડતાં કોઈને થાક લાગે નહિ કે થાક ચઢે નહિ ઉપર
સુવર્ણના ત્રીજા કોટની મધ્યમાં સ્ફટિક રત્ન સમાન નિર્મળ
દેદીપ્યમાન સિંહના મુખ અને સ્કંધના આકારવાળું અનેક

રત્નોની બનેલું અંધકારનાશક પાદપીઠ સહિતનું સિંહાસન મુકેલ હોય છે તે ઉપર ત્રણલોકના નાથ, જગતજીવોને આધારરૂપ, રક્ષણરૂપ, જગતગુરુ, જગતબંધુ, જગતમાતા, જગતપિતા, જગતઈશ્વર, જગતદીપક, જગતજીવન, જગતવાલેશ્વરી, ધર્મચક્રી, અનાથના નાથ, અશરણના શરણ, ભવસમુદ્રમાં ડૂબતાને નાવાસમાન, એવા શ્રી જિનેશ્વરદેવ બિરાજે છે. મસ્તક ઉપર ઊંચે ચન્દ્ર સમાન તેજસ્વી સ્ફટિક રત્નના ત્રણ છત્રો હોય છે. એકથી બીજું અમુક અંતરે ઉપર એમ હોય છે. દેદીપ્યમાન મોતીની ઝાલર લટકતી હોય છે. સિંહાસનની પાછળ પ્રભુશ્રીના શરીરથી બારગણું ઊંચું અશોકવૃક્ષ હોય છે જેને નિહાળતાં જ શોક દૂર થઈ જાય છે. ગાયના દૂધ જેવા સ્વેત ચામરો દેવો પ્રભુને બન્ને તરફ વીંજે છે. ભગવાનના મસ્તકની પાછળ અનેક સૂર્ય-સમાન તેજસ્વી ભામંડળ હોય છે. તેમાં પ્રભુશ્રીનું પ્રતિબિંબ દેખાય છે. જેથી જોનાર હરેકને પ્રભુશ્રી પોતાની સામે જ છે એમ દેખાય છે. પ્રભુશ્રીના સમવસરણથી પચીશ (૨) યોજનમાં માર નહિ. મરકી નહિ. રોગ નહિ, ઇતિ નહિ ભીતિ નહિ કૃત્રિમ વેરો તો નજ ઉલસે પણ જાતી વેરો સમી જાય; સિંહને હરણ, સાપને નોળીઓ બધા સાથે જ બેસી સાંભળે. અભિમાનીઓના અભિમાનો ગળી જાય, દ્વેષીઓના દ્વેષ સમી જાય.

પ્રભુશ્રીની એ ભવભયનાશક અને સુખસૌભાગ્ય સાધક દિવ્યવાણી સાંભળવા બાર પ્રકારની પર્ષદા આવે છે. તેમાંથી શ્રાવક શ્રાવિકા પુરુષો સ્ત્રીઓ અને વૈમાનિક દેવો ઇશાન ખૂણામાં, સાધુસાધ્વી અને વૈમાનિક દેવીઓ અગ્નિખૂણામાં,

ભવનપતિ વ્યંતર અને જ્યોતિષ્ક દેવો વાવવ્ય ખૂણામાં અને તે ત્રણ દેવોની દેવીઓ નૈરૂત્ય ખૂણામાં સ્થાન લે છે. તેમાં પુરૂષો બેસીને અને સ્ત્રીઓ ઊભી રહીને વાણી સાંભળે છે. પ્રભુશ્રીના મુખેથી નીકળતી અર્ધમાગધી વાણી દેવ દાનવ માનવ આર્ય કે અનાર્ય પશુ અને પક્ષીઓ પોત પોતાની ભાષામાં સમજી જાય છે. ભગવાનની વાણી મેઘ ગર્જના સમાન, મેધ જેવી મીઠી અને ઘી જેવી સ્નિગ્ધ હોય છે. સાંભળતાં કોઈને કંટાળો ન આવે. મૃગ વીણાના નાદમાં જેમ તલ્લીન થાય છે. તેમ શ્રોતાઓ પ્રભુશ્રીની વાણીમાં મુગ્ધ થાય છે.

પ્રભુશ્રીની એ દિવ્યવાણી સાંભળી કઈ આત્માઓ મિથ્યાત્વ છોડી સમકિતી થાય છે. કઈ પુન્યવાન આત્માઓ શ્રાવકવ્રત ધારણ કરે છે. કઈ મહાપુન્યવાન જીવો સાધુવ્રત ધારણ કરી, જન્મમરણના ભયથી મુક્ત થઈ શિવપુરનગર તરફ પ્રયાણ કરે છે.

પ્રભુશ્રી વિહાર કરે ત્યારે આગળ દેવો પવન વિકુર્વી કાંટાકાંકરા સાફ કરી નાખે, જમીન ઊંચીનીચી હોય તો તે સમ બની જાય. પાખંડીના માનને મર્દન કરવાવાળું ધર્મચક્ર પ્રભુશ્રીની આગળ આકાશમાં ચાલે છે. દેવતાઓ પ્રભુશ્રીના ચરણ મુકવાની જગ્યાએ સુવર્ણના નવકમળની રચના કરે છે. પાછળના કમલ વિસરાળ થાય અને આગળ નવા થતા જ જાય. પ્રભુશ્રીની પાછળ ગણધરદેવો, કેવળજ્ઞાની, મનપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, સાધુમુનિરાજો વગેરે ચાલે છે. નાનકડું રાજ્ય ત્યાગવાવાળા ભગવાનના વૈભવો ચક્રવર્તીની સાયબી કરતાં પણ અનેક ગણા હોય છે.

આવા અનંત અરિહંતો થઈ ગયા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં અનેક અરિહંતો થશે. તે સર્વ અરિહંતો સુખની શોધમાં ભટકતા પ્રાણીઓને સાચા સુખનું શાશ્વતું સ્થાન બતાવે છે. જન્મ મરણુની મહાબિમારીમાંથી મુક્ત કરે છે. આધિ વ્યાધિને ઉપાધિની ભયંકર રાક્ષસીચુડમાંથી આત્માને છોડાવે છે. આ અરિહંતો કે સિદ્ધભગવંતોના ભાવપૂર્વક ગુણગ્રામ કરતાં જીવ અરિહંત પદ પ્રાપ્ત કરે છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુમુનિરાજ, તપસ્વી સ્થવિર કે જ્ઞાનીની ઉત્કૃષ્ટ ભાવે સેવા કરવાથી, સમકીત અને શીયળ નિર્મળ પાળવાથી કે તનમન ધનથી જૈનધર્મની સેવા કરવા વગેરે વડે કરી અરિહંતપદ પ્રાપ્ત કરાય છે.

આવા અરિહંતદેવો ભરત અને ઈરવતક્ષેત્રમાં અવસોર્પિણીના ચોથા આરામાં અને ઉત્સર્પિણીના ત્રીજા આરામાં ચોવીસ ચોવીસ થાય છે. અને મહા વિદેહક્ષેત્રમાં સદા ચોથો આરો જ વર્તતો હોવાથી તીર્થંકરદેવો સદા માટે હોય જ છે. એકેક વિદેહમાં બત્રીશ બત્રીશ વિજય છે. એટલે પાંચ મહાવિદેહની ૧૬૦ વિજય થાય છે. ઉત્કૃષ્ટા હોય ત્યારે દરેક વિજયમાં એકેક તીર્થંકર હોય છે. ત્યારે ભારત ઇરવતમાં પણ એકેક તીર્થંકર હોય છે. એટલે કુલ ૧૭૦ તીર્થંકર હોય છે. હાલ વર્તમાનકાલે પાંચ મહાવિદેહમાં વીશ ૨૦ તીર્થંકરો વિચરી રહ્યા છે જ્ઞાનદાનનું વિતરણ કરી રહ્યા છે. જેમાંના. શ્રી સીમંધરસ્વામી, શ્રી યુગમંધરસ્વામી, શ્રી બાહુસ્વામી, અને શ્રી સુબાહુસ્વામી, એ ચાર તીર્થંકર જંબુદ્વીપના મહાવિદેહમાં, શ્રી સુજાતસ્વામી, શ્રી સ્વયંપ્રભ

સ્વામી, શ્રી સ્વયંપ્રભસ્વામી, અને શ્રી અનંતવીર્યસ્વામી, એ ચાર તીર્થંકર ધાતકીખંડના પૂર્વમહાવિદેહમાં, શ્રી સુરપ્રભસ્વામી, શ્રી વિશાળપ્રભસ્વામી, શ્રી વજ્રધરસ્વામી અને શ્રી ચંદ્રાનનસ્વામી, એ ચાર તીર્થંકર ધાતકીખંડના પશ્ચિમ મહાવિદેહમાં; શ્રી ચંદ્રબાહુસ્વામી, શ્રી ભુજંગસ્વામી, શ્રી ઇશ્વરસ્વામી, અને શ્રી નેમપ્રભસ્વામી એ ચાર તીર્થંકર પુષ્કરાર્ધના પૂર્વ મહાવિદેહમાં, અને શ્રી વીરસેનસ્વામી, શ્રી મહાભદ્રસ્વામી, શ્રી દેવયશસ્વામી અને અજીતવીર્યસ્વામી એ ચાર તીર્થંકર પુષ્કરાર્ધના પશ્ચિમ મહાવિદેહમાં વિચરી રહ્યા છે.

આ અરિહંતદેવ સૂર્યથી અધિક તેજસ્વી, ચંદ્રથી અધિક શીતળ છે, ચોત્રીસ અતિશય કરી બિરાજમાન છે પાંત્રીસ પ્રકારની સત્ય વચનવાણીના ધારક છે. એક હજાર આઠ ઉત્તમ ગુણોના ધારક છે. અઢાર દોષથી રહિત અને બાર ગુણે કરી સહિત છે. આયુષ્ય કર્મ પૂરું થયે નિશ્ચય મુક્તિ જવાના છે. ઉપદેશદાતા ભવ્ય જીવોના સંદેહ ભાંગે છે. સજોગી સશરીરી, કેવળજ્ઞાની, કેવળદર્શની યથાખ્યાત ચારિત્રના ધરણહાર, ક્ષાયક સમકીત, શુક્લધ્યાન, શુક્લલેશ્યા, શુભધ્યાન, શુભયોગ સહિત છે. ચોસઠ ઇન્દ્રના પૂજનીય, વંદનીય, અર્ચનીય છે. પંડિતવીર્ય છે. એ આદી અનન્ત ગુણે કરી સહિત છે. ધન્ય તે ગામ, નગર, ખેડ, કરબડ, પુર, પાટણ જ્યાં જ્યાં સ્વામી દેશના આપતા થકા વિચરતા હશે; ધન્ય તે રાજેશ્વર, તલવર, માડંબી, કોડંબી શેઠ, સેનાપતિ ગાથાપતિ જે જે સ્વામીની દેશના સાંભળી કાનને પવિત્ર કરતા હશે. દર્શન દેદાર કરી ને પવિત્ર કરતા હશે.

[illegible]

[illegible] નમાવી મન વચન કાયાએ કરી વારંવાર નમાવું છું

પાઠ ૨૯ મો ૨ જા ખામણા

બીજા ખામણા અનંત સિદ્ધ ભગવંતને કરું છું. તે આ ચોવીશીના નામ કહું છું. ૧ શ્રી ઋષભદેવ સ્વામી, ૨ શ્રી અજિતનાથ સ્વામી, ૩ શ્રી સંભવનાથ સ્વામી, ૪ શ્રી અભિનંદન સ્વામી, ૫ શ્રી સુમતિનાથ સ્વામી, ૬ શ્રી પદ્મપ્રભુ સ્વામી, ૭ શ્રી સુપાર્શ્વનાથ સ્વામી, ૮ શ્રી ચંદ્રપ્રભુ સ્વામી, ૯ શ્રી સુવિધિનાથ સ્વામી, ૧૦ શ્રી શીતળનાથ સ્વામી, ૧૧ શ્રી શ્રેયાંસનાથ સ્વામી ૧૨ શ્રી વાસુપૂજ્ય સ્વામી, ૧૩ શ્રી વિમળનાથ સ્વામી ૧૪ શ્રી અનંતનાથ સ્વામી, ૧૫ શ્રી ધર્મનાથ સ્વામી, ૧૬ શ્રી શાંતિનાથ સ્વામી, ૧૭ શ્રી કુંથુનાથ સ્વામી, ૧૮ શ્રી અરનાથ સ્વામી, ૧૯ શ્રી મલ્લિનાથ સ્વામી, ૨૦ શ્રી મુનિસુવ્રત સ્વામી, ૨૧ શ્રી નમિનાથ સ્વામી, ૨૨ શ્રી નેમનાથ સ્વામી, ૨૩ શ્રી પાર્શ્વનાથ સ્વામી, ૨૪ શ્રી મહાવીર સ્વામી.

આ ચોવીશી એવી અનન્ત ચોવીશીમાં અનંત તીર્થંકરો અનંતે ભેદે, સીઝી, બુઝી, આઠ કર્મ ક્ષયકરી મોક્ષે પધાર્યા છે. તે તે આઠ કર્મના નામ ૧ જ્ઞાનાવરણીય ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય; ૪ મોહનીય ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર ૮ અંતરાય એ આઠ કર્મ ક્ષય કરી મુક્તિશિલાએ પહોંચ્યા છે

[illegible]

છે. મોટું અર્ધચંદ્રના આકારે [illegible] આકારે છે. પહેલામાં બત્રીસ લાખ અને બીજામાં અઠ્ઠાવીસ લાખ વિમાન છે. તેમાં સંખ્યાતા જોજનના વિમાનમાં સંખ્યાતા દેવ અને અસંખ્યાતા જોજનના વિમાનમાં અસંખ્યાતા દેવ રહે છે. તે વિમાનના ભોંયતળિયાં ૨૭૦૦ જોજન જાડા છે. અને [illegible] ૫૦૦ જોજન ઊંચા છે. તેની દિવાલો મૂળમાં ૧૦૦ જોજન પહોળી, ઉપર જતાં ૨૫ જોજન પહોળી, મધ્યમાં ૫૦ જોજન [illegible] છે અને આધો જોજનના કાંગરા છે. [illegible] ૩૦૦ જોજનના કોટ છે અને ઉપર સુંદર રત્નામય [illegible] મહિમાની [illegible]

ામે દેવલોક આવે છે. એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે માં પચાસ હજાર વિમાન છે ત્યાંથી અસંખ્યાતા જોજન ાંચપણે સાતમું મહાશુક નામે દેવલોક આવે છે. એકલું ર્ણ ચંદ્રમાને આકારે છે. તેમાં ચાળીશ હજાર વિમાન છે. ાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે આઠમું સહસ્રાર નામે વલોક આવે છે. એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે. તેમાં હજાર વિમાન છે ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે વમું આણુત અને દશમું પ્રાણુત એ બે દેવલોક આવે ે. આ બન્ને દેવલોક જોડાજોડ છે. એકેકું અર્ધચંદ્રમાને ાકારે છે. બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. બેમાં ળીને ચારસો વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ંચપણે અગિયારમું આરણુ અને બારમું અચ્યુય નામે દેવ- ોક આવે છે આ બન્ને દેવલોક જોડાજોડ છે એકેકું અર્ધ ંદ્રમાને આકારે છે. બે મળીને પૂર્ણ ચંદ્રમાને આકારે છે. ેમાં મળીને ત્રણુસો વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ંચપણે નવગ્રેવેયક છે. તેના નામ-ભદ્દે, સુભદ્દે, સુજાઓ, સુમાણુસે, પીયદંસણે, સુદંસણે આમોહે, સુપડિબધ્ધે, અને જસોધરે. તેની ત્રણુ ત્રિક છે. પહેલી ત્રિકમાં એકસો અગિયાર વિમાન છે બીજી ત્રિકમાં એકસોને સાત વિમાન છે. ત્રીજી ત્રિકમાં એકસો વિમાન છે ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે પાંચ અનુત્તર વિમાન આવે છે. તેના નામ-વિજય, વિજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધિ મહાવિમાન આ વિમાનો સર્વશ્રેષ્ઠ અને મહામંગળકારી છે. ચાર દિશામાં ચાર વિમાન અને મધ્યમાં સર્વાર્થસિદ્ધિ મહાવિમાન છે. એક લાખ જોજન

લાંબું પહોળું અને ચંદ્રકારે છે. તે મહેલોના ભોંયતળિયા ૨૧૦૦ જોજનના અને ઊંચાઈ ૧૧૦૦ જોજનની છે. વિશેષતા એ છે કે તે મહેલમાં ઉપર સુંદર શોભનીય ચંદરવો બાંધેલ છે. તેની વચમાં એક ૨૫૩ મોતીઓનું ઝુમર લટકે છે. તેમાં વચમાંનું એક મોતી ૬૪ મણનું છે. તેની ચારે તરફ ચાર મોતી બત્રીશ બત્રીશ મણના છે. તેને ફરતા ૮ મોતી સોળ સોળ મણના છે. તેને ફરતા ૧૬ મોતી આઠ આઠ મણના છે. તેને ફરતા ૩૨ મોતી ચાર ચાર મણના છે. તેને ફરતા ૬૪ મોતી બબ્બે મણના છે. તેને ફરતા ૧૨૮ મોતી એકેક મણના છે એવી રીતે કુલ ૨૫૩ મોતીનું ઝુમખું ૮૩૨ મણનું છે. હજારો સૂર્ય કરતાં પણ તેજસ્વી છે. ચારે દિશાથી પવન આવે છે. તેથી મોતીઓ એકબીજા સાથે અથડાય છે તેથી તેમાંથી છ રાગ અને છત્રીસ રાગણીનો મધુર સ્વર નીકળે છે. જે સાંભળનારને અત્યંત પ્રિય લાગે છે.

આ વિમાનના અનુત્તરવર્ણ અનુત્તર ગંધ, અનુત્તર રસ, અને અનુત્તર સ્પર્શ છે. અનુત્તર પ્રધાન એવી દરેક ચીજો ત્યાં હોય છે. સંસારના સર્વ પૌદ્ગલીક સુખો કરતાં અનંતગણા સુખો આ દેવોને છે. કોઈની માલિકી નથી, કોઈની તાબેદારી નથી, સર્વ દેવો ઉપશાંત મોહવાળા છે. સર્વ દેવો સમ્યગ્ દ્રષ્ટિ છે. સર્વ દેવો આરાધિક છે. સર્વ દેવો એકાવતારી છે. સર્વ દેવો મહાપુન્યવંત છે. મનુષ્યલોકમાં કરેલ જ્ઞાન ત્યાં યાદ જ હોય છે. ફેરવતાં કે વિચારતાં શંકા પડે તો ત્યાં જ બેઠા વિનય પૂર્વક તીર્થંકર દેવોને પૂછે. અને તેના જવાબ તીર્થંકર દેવ

અહીં તેમાં એક જ આંતરો છે. ૩૩ સાગરની સ્થિતિ છે. ૩૩ પખવાડિયે શ્વાસ લે અને ૩૩ [illegible] ૩૩ હજાર વર્ષે આહારની ઇચ્છા થાય. [illegible] સત્પુરુષના [illegible], મહા આરાધનાના, ઘણી સંયમમાં [illegible] આત્માઓ જ આ સ્થળે આવે છે.

તે સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધ્વજાથી બાર જોજન ઉંચપણે મુક્તિશિલા છે તે મુક્તશિલા ૪૫ લાખ જોજનની લાંબી પહોળી છે. ગોળાકાર છે. મધ્યે આઠ જોજન જાડી છે. છેલ્લે છેડે માખીની પાંખ થકી પણ અધિક પાતળી છે. ગોક્ષીર, શંખ, ચંદ્ર, અંકરત્ન, ચાંદીના પટ, મોતીના હાર, ક્ષીરસાગરના પાણી, મુચકુંદ, મોગરા, ચમેલી, કમળતંતુ, સ્ફટિક રત્ન કરતાં પણ અનેક ગણી ઉજ્જવળી છે.

તે સિદ્ધશિલા સુંદર, ઘસેલી, મઠારેલી, સુંવાળી, નિર્મળી, દર્શનીય, અતિ મનોહર, સદાકાળ શાશ્વતી છે. તેના ઉપરના છેલ્લા એક જોજનના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગને વિષે અનંત સિદ્ધ ભગવંત નિરંજન નિરાકાર બિરાજે છે. એકમાં અનેક અને અનેકમાં એક બિરાજી રહ્યા છે. અનંત કેવળજ્ઞાન, કેવળદર્શન વડે કરીને લોકાલોકના સ્વરૂપને જાણી દેખી રહ્યા છે, ત્યાં કાળો, પીળો, લીલો, લાલ કે ધોળો વર્ણ નથી, સુરભિ કે દુરભિગંધ નથી, કડવો, કસાયેલો, તીખો, ખાટો, મીઠો, કોઈ રસ નથી. હલકો, ભારે, લુખો, ચીકણો, ઠંડો કે ગરમ, સુંવાળો કે ખરખરો સ્પર્શ નથી. ગોળ, ત્રિખૂણો, ચોખૂણો મંડળાકાર, લાંબો આદિ

કે નપુંસકાદિ કોઈ વેદ નથી. જન્મ નહિ, જરા નહિ, મરણ નહિ, રોગ નહિ, શોક નહિ. દુઃખ નહિ. દારિદ્ર નહિ, ભોગ નહિ, જોગ નહિ, વિયોગ નહિ, દુશ્મન નહિ. મિત્ર નહિ, ચાકર નહિ, ઠાકર નહિ, રંગ નહિ, રાગ નહિ, વસતિ નહિ, ઉજડ નહિ, ભય નહિ, ભૈરવ નહિ, કર્મ નહિ, મર્મ નહિ, કાયા નહિ, માયા નહિ, પુર નહિ, પાટણ નહીં, ન્યાય નહીં, અન્યાય નહીં, હાંસી નહિ, ખાંસી નહીં, ઉદાસી નહીં, વિલાસી નહીં, ખુશામત નહીં, લાચારી નહીં, ઊંઘવું નહીં, જાગવું નહીં, ભૂખ નહીં, તરસ નહિ, હાર નહીં, જીત નહીં, માન નહીં, મનવાર નહીં, ગાવું નહીં, બજાવવું નહીં, હાલવું નહીં, ચાલવું નહીં, ત્યાં સૂર્ય નથી, ચંદ્ર નથી, તેથી રાત્રિ નથી, દિવસ નથી, મતલબ કે સિદ્ધના જીવો, અચલ, અટલ, અક્ષય, અજર, અમર, અવિનાશી, અવિકારી, અરૂપી, અખંડ, અવેદી, અલેશી, અયોગી, અકષાયી, નિરંજન, નિરાકાર, નિષ્કલંક, અશરીરી, સદા નિશ્ચલ, ધ્યાનમાં બિરાજમાન છે. ત્રણ કાળના ઇન્દ્રોના સર્વ પ્રકારના સુખોથી અનંતગણું સુખ છે. એટલે કે શ્રી સિદ્ધ ભગવંત અનંત અનંત છે. સુખની લહેરમાં બિરાજી રહ્યા છે.

તમે પ્રભુ ત્યાં બિરાજો છો. અમે અપરાધી. દિન કિંકર, ગુણહીન, અહીં બેઠા છીએ, આપના કેવળજ્ઞાન, કેવળદર્શન સંબંધી, અવિનય, અશાતના, અભક્તિ, અપરાધ થયો હોય તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી, મનવચન કાયાએ કરી વારંવાર ખમાવીએ છીએ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] ગુણહીન, [illegible]

[illegible] સ્વામિન, [illegible] ને [illegible] ચંદ્ર, [illegible]

[illegible] ઇ. [illegible] રાજધાની, [illegible] ધન્ય તે

છે. ધન્ય તે ગામ, નગર, [illegible] વિચરતા [illegible] ગાયાપતિ, [illegible]

ત્યાં સર્વ સ્વામી [illegible] સેનાપતિ, [illegible] દર્શન દેનાર

[illegible] પવિત્ર કરતા હશે, [illegible]

ને સ્વામીની દેહના [illegible] પવિત્ર કરતા હશે. [illegible] પંચમહાપાપ [illegible]

કરી નેત્ર પવિત્ર કરતા હશે. તમે સ્વામી ત્યાં [illegible]

[illegible] ઘર પવિત્ર કરતા હશે. હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન

દાસને વિષે [illegible] છો.

[illegible]

[illegible]

[illegible], સમ-દમ-ઉપશમ સહિત, [illegible]-માયા-[illegible] -વિષય રહિત, સંયમના [illegible], વૈરાગ્યે [illegible], નિર્મલ ચિત્તના ધારણહાર, [illegible] ૩૬ ગુણના ધારક. આ આચાર્યજી મહારાજ, તથા શ્રી ઉપાધ્યાયજી મહારાજ જે [illegible] કરી અને ભણાવે, [illegible], ધર્મ દીપક, મિથ્યાત્વ [illegible], [illegible], [illegible] ઓળખાવી, [illegible] સહિત, [illegible] [illegible] [illegible], [illegible] [illegible]. [illegible], [illegible]-પૂર્ણ [illegible], [illegible] -[illegible]-ઉત્કર્ષ અને [illegible] [illegible] [illegible] ૨૫ ગુણોએ કરી ઉપાધ્યાયજી મહારાજ, તથા સર્વ સાધુજી મહારાજ [illegible], [illegible], જ્ઞાન-મૂલના દાતાર, મિથ્યાત્વના [illegible], કષાય દાવાનલના [illegible]; પંચ મહાવ્રતના પાળનહાર. પાંચ સમિતીએ સમિતા, ત્રણ ગુપ્તિએ ગુપ્તા, પાંચ ઇન્દ્રિયના દમનહાર છકાયના રક્ષપાળ, ગોવાળ, રક્ષક, સાત ભયના ટાળણહાર, આઠ મદના ગાળણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાળણહાર, દશવિધિ યતિ ધર્મના ધારક, બાર ભેદે તપસ્યાના કરણહાર, ૧૩ ક્રિયાના ટાળણહાર, ૧૭ ભેદે સંયમના ધરણહાર, ૧૮ પાપસ્થાનકના ત્યાગી, ૨૦ અસમાધિના ત્યાગી, ૨૨ પરિષહના જીતણહાર, સાધુજીના ૨૭ ગુણે કરી સહિત, ૩૦ મહામોહનીયના ટાળણહાર, ૩૩ આશાતનાના ટાળણહાર, ૪૨ તથા ૯૬ દોષરહિત આહારપાણીના લેનાર, ૫૨ અનાચીર્ણના ટાળણહાર, સંસારથી વિમુખ, મુક્તિની સન્મુખ, આત્માર્થી, શુદ્ધવૃત્તિ, છતી ઋદ્ધિના

[illegible] જોગ તો [illegible] જોયા, માન મોટા, મહત્વ [illegible] મન [illegible] [illegible] કરી વારંવાર ખમાવું છું.

સવૈયા

કોરો કપડા કો થાન, દરજી વેતરત આન ।
ખંડ (૨) કરે જાણ, દેત સો સુધારી હૈ ॥
કાષ્ઠ કો જ્યોં સૂત્રધાર, હેમ કો કસે સુનાર ।
માટી કો જ્યોં કુમ્ભકાર, પાત્ર કરે ન્યારી હૈ ॥
ધરતી કો કિરસાન, લોહ કો લુહાર જાન ।
શિલાવટ શિલા આણ; ઘાટ ઘડે ભારી હૈ ॥
કહત તિલોકરિખ, સુધારે જ્યોં ગુરુ શીખ ।
ગુરુ ઉપકારી નિત તેની બલિહારી હૈ ॥૧॥

ગુરુ મિત્ર ગુરુ માત, ગુરુ સગા ગુરુ તાત ।
ગુરુ ભૂપ ગુરુ ભ્રાત ગુરુ હિતકારી હૈ ॥
ગુરુ રવિ, ગુરુ ચંદ્ર, ગુરુ દેવ, ગુરુ ઇંદ્ર ।
ગુરુ દેત હૈ આનંદ, ગુરુપદ ભારી હૈ ॥
ગુરુ દેત જ્ઞાન ધ્યાન ગુરુ દેત દાન માન ।
ગુરુ દેત મોક્ષસ્થાન સદા ઉપકારી હૈ ॥
કહત તિલોકરિખ, ભલી-ભલી દેત સીખ ।
પલ પલ ગુરુજી કો, વંદના હમારી હૈ ॥૨॥

— દોહા —

અનંત ચોવીસી જિન નમું, સિદ્ધ અનંતા કોડ ।
કેવલ જ્ઞાની ગણધરા, વંદુ બે કર જોડ ॥૧॥

હોય કોડિ કેવલધરા, વિહરમાન જિન વીશ ।
ગણધર સૂરી પાઠકા, સાધુ નમું નિશદિન ॥૨॥

ધન સાધુ ધન સાધવી, ધન ધન શ્રી જૈનધર્મ ।
જે સમર્યા પાતક ટળે, તુટે આઠોં કર્મ ॥૩॥

અંગુષ્ઠે અમૃત વસે, લબ્ધિ તણા ભણ્ડાર ।
શ્રી ગુરુ ગૌતમ સમરિએ, વાંછિત ફલ દાતાર ॥૪॥

ગુરુ દીપક ગુરુ ચાંદણો, ગુરુ બિન ઘોર અંધાર ।
પલક ન વિસરું તુમ ભણી, ગુરુ મુઝ પ્રાણ આધાર ॥૫॥
સુખ આપવા દુઃખ મેટવા, યહી તુમ્હારી વાણી ।
મોય દાસની બીનતી, સુણજો કૃપાનિધાન ॥૬॥
જય જય શ્રી પરમેષ્ઠિ, જય જય શ્રી જિન વેણ ।
જય જય શ્રી ગુરુ કી કહો, દિયા સુમારગ જેણ ॥૭॥

પાઠ ૩૩ મો ૬ ઠું ખામણા

છઠ્ઠા ખામણા અઢીદ્વીપની અંદરના તથા અઢીદ્વીપ બહારના અસંખ્યાત શ્રાવક શ્રાવિકાને ખમાવું છું તે શ્રાવક શ્રાવિકાજી કેવા છે? સમકિત સહિત બાર વ્રતધારી શ્રાવકની અગિયાર પડિમાના સેવણહાર, જીવ અજીવ આદિ નવ તત્ત્વના જાણપણાવાળા, કોઈના ડગાવ્યા ડગે નહિ, કોઈના ચળાવ્યા ચળે નહિ, પરધન પથ્થર તથા પરસ્ત્રીને માતા બહેન સમાન જાણનાર શ્રાવકના એકવીશ ગુણે કરી સહિત, દૃઢ ધર્મી, જેને હાડ હાડની મિંજાએ ધર્મનો રંગ લાગેલ છે. સંવર પોષા સામાયિક પ્રતિ. ક્રમણના કરનાર, દુબળા પાતળા જીવની અનુકંપાના કરનાર

કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, હ્રસ્વ, દીર્ઘ, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં મારું તે પાપકર્મ નિષ્ફળ થાઓ.

મિથ્યાત્વનું પ્રતિક્રમણ, અવ્રતનું પ્રતિક્રમણ, પ્રમાદનું પ્રતિક્રમણ, કષાયનું પ્રતિક્રમણ, અશુભજોગનું પ્રતિક્રમણ, એ પાંચે પ્રતિક્રમણ એકરોને ચાલીશ દોષ ટાળીને સમ્યગ્ રીતે પડિક્કમ્યા ન હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં મારું તે પાપકર્મ નિષ્ફળ થાઓ.

સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા, ભગવાન મહાવીર દેવ તમારો માર્ગ સત્ય છે. સત્ય છે સાચાની સદ્દહણા અને ખોટાનું મિચ્છામિ દુક્કડં ॥

ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાન કાળનો સંવર, આવતા કાળના પચ્ચક્ખાણ કરેમિ મંગલં, મહામંગલં થયથુઇમંગલં.

અહીં નમોત્થુણં ત્રણ બોલવા

પ્રતિક્રમણ કરવાની વિધિ

પ્રથમ સામાયિકની વિધિ પ્રમાણે સામાયિક લેવી અને સામાયિક લીધાને ૨૪ મિનિટથી વધારે સમય થયો હોય તો ક્ષેત્રવિશુદ્ધિ કરવી અર્થાત્ સામાયિક લેવાની સર્વ વિધિ (સામાયિક લેવાનો પાઠ ૬ ઠો છોડીને) કરવી.

૧ લો આવશ્યક

સામાયિક લીધા પછી સવિધિ વિનયપૂર્વક મુનિ મહારાજ (મુનિની હાજરી ન હોય તો ઈશાન ખૂણા

તરફ હાલ બિરાજતા સીમંધર સ્વામી)ને વંદન કરી પ્રતિક્રમણના પ્રથમ આવશ્યકની આજ્ઞા લેવી.

પછી પોતાના આસન પર બેસી (કે ઊભા રહી) ' નવકાર મંત્ર 'નો પાઠ તથા ' તિક્ખુતોનો પાઠ ' બોલવો પછી પ્રતિક્રમણનો ' ૧ લો પાઠ ' બોલવો પછી ' નવકારનો પાઠ ' અને પછી ' કરેમિ ભંતે 'નો પાઠ બોલવો પછી પ્રતિક્રમણનો ' ૨ જો પાઠ ' બોલવો અને પછી સામાયકનો ૪ થો પાઠ ' તસ્સ ઉત્તરી 'નો બોલી નવાણું અતિચારનો કાઉસગ્ગ કરવો.

કાઉસગ્ગમાં વચન અને કાયાના યોગને સ્થિર કરવા ...ત્ જીભેથી ઉચ્ચાર ન કરવો અને શરીરને હલાવવું નહિ. ...થી નવાણું અતિચારને યાદ કરી જવા. તેમાંનો જે ...તેચાર પોતાને લાગ્યો હોય તેનો પશ્ચાત્તાપ કરવો. છેલ્લે ...કાર મંત્ર બોલી જવો; પ્રકટપણે નમો અરિહંતાણું બોલી ...રવો.

બીજો આવશ્યક ચઉવિસંથો

સવિનય ઊભા થઈ સવિધિ વંદન કરી બીજા આવશ્યકની ...આજ્ઞા લેવી અને ઊભા રહીને જ લોગસ્સનો પાઠ બોલવો ...આમાં ચોવીસ તીર્થંકરના નામપૂર્વક ગુણગ્રામ છે. જેમાં ...ઉત્કૃષ્ટો રસ આવે તો ભવિષ્યમાં તીર્થંકર બની જવાય માટે ભાવપૂર્વક લોગસ્સ બોલવો)

ત્રીજો આવશ્યક વંદના

સવિનય ઊભા થઈ સવિધિ વંદના કરી ત્રીજા આવશ્યકની આજ્ઞા લેવી. (કેટલાક ત્રણ આવશ્યકની આજ્ઞા સાથે જ લે છે

વીર સ્તુતિ પુચ્છિસ્સુણં

પુચ્છિસ્સુણં સમણા માહણા ય, અગારિણો યા પરિતિત્થિઆય ।
સે કેઈ ણેગંતહિયં ધમ્મમાહુ, અણેલિસં સાહુસમિક્ખયાએ ॥૧॥

કહં ચ ણાણં કહં દંસણં સે, સીલં કહં નાયસુયસ્સ આસિ ? ।
જાણાસિણં ભિકખુ જહાતહેણં, અહાસુયં બ્રુહિ જહા ણિસંતં ॥૨॥

ખેયન્ને સે કુસલે–મહેસી. અણંતનાણી ય અણંતદંસી ।
જસંસિણો ચક્ખુપહે ઠિયસ્સ, જાણાહિ ધમ્મંચ ધિઈંચ પેહિ ॥૩॥

ઉડ્ઢં અહેયં તિરિયં દિસાસુ, તસાય જે થાવર જેય પાણા ।
સેણિચ્ચણિચ્ચેહિ સમિક્ખ પન્ને, દીવે વ ધમ્મં સમિયં ઉદાહુ ॥૪॥

સે સવ્વદંસી અભિભૂયનાણી, ણિરામગ ધે ધિઈમં ઠિયપ્પા ।
અણુત્તરે સવ્વજગંસિ વિજ્જં, ગંથા અઈએ અભએ અણાઊ ॥૫॥

સે ભૂઈવણ્ણે અણિએ અચારી, ઓહંતરે ધીરે અણંતચક્ખુ ।
અણુત્તરં તપ્પઈ સૂરિએ વા, વઈરોયણિંદે વ તમં પગાસે ॥૬॥

અણુત્તરં ધમ્મંમિણં જિણાણં, ણેયા મુણી કાસવ આસુપન્ને ।
ઇંદેવ દેવાણ મહાણુભાવે, સહસ્સણેયા દિવિં ણં વિસિટ્ઠે ॥૭॥

સે પન્નયા અકખય સાગરે વા, મહોદહી વાવિ અણંત પારે ।
અણાઈલેવા અકસાઈ મુક્કે(ભિક્ખુ), સક્કે વ દેવાહિવઈજુઈમં ॥૮॥

સે વીરિએણં પડિપુન્નવીરિએ, સુદંસણે વા ણગસવ્વસેટ્ઠે ।
સુરાલએ વા સિ મુદાગરે સે, વિરાયએ ણેગગુણોવવેએ ॥૯॥

સયં સહસ્સાણ ઉ જોયણાણં, તિકડગે પંડગવેજયંતે ।
સે જોયણે ણવણવઈ સહસ્સે, ઉદ્ધુસ્સિતો હેટ્ઠ સહસ્સમેગં ॥૧૦॥

પુટ્ઠે ણુસે ચિટ્ઠઈ ભૂમિવટ્ઠિએ, જં સૂરિયા અણુપરિવટ્ટયંતિ ।
સે હેમવન્ને બહુનંદણે ય, જંસી રતિ વેદયતી મહિંદા ॥૧૧॥

સે પવ્વએ સદ્દમહપ્પગાસે, વિરાયઈ કંચણમટ્ઠવન્ને ।
અણુત્તરે ગિરિસુ ય પવ્વદુગ્ગે, ગિરિવરે સે જલિએવ ભોમે ॥૧૨॥

મહીએ મજ્ઝંમિ ઠિએ ણુગિંદે, પન્નાયતે સૂરિએ સુદ્ધલેસે ।
એવં સિરીએ ઉ સ ભૂરિવન્ને, મણોરમે જોયઇ અચ્ચિમાલી ॥૧૩॥

સુદંસણસ્સેવ જસો ગિરિસ્સ, પવુચ્ચઇ મહતો પવ્વયસ્સ ।
એતોવમે સમણે નાયપુત્તે, જાઈ જસો દંસણ નાણ સીલે ॥૧૪॥

ગિરિવરે વા નિસહોઽઽયયાણં, રુયએ વસેટ્ઠે વલયાયતાણં ।
તઓવમે સે જગભૂઇપન્ને, મુણીણ મજ્ઝે તમુદાહુ પન્ને ॥૧૫॥

અણુતરં ધમ્મમુઈ-રઈતા, અણુતરં ઝાણવરં ઝિયાઈ ।
સુસુક્કસુક્કં અપગંડસુક્કં, સંખિંદુએગંત વદાતસુક્કં ॥૧૬॥

અણુતરગ્ગં પરમં મહેસી; અસેસકમ્મં સ વિસોહઈત્તા ।
સિદ્ધિ ગએ સાઈમણંતપત્તે, નાણેણ સીલેણ ય દંસણેણ ॥૧૭॥

રુક્ખેસુ ણાએ જહ સામલી વા, જંસી રઇં વેદયઈ સુવન્ના ।
નાણેણ સીલેણ ય ભૂઈપન્ને ॥૧૮॥
વણેસુ વા ણંદણમાહુ શેટ્ઠં,

થણિયં વ સદ્દાણ અણુત્તરે ઉ, ચંદો વ તારાણ મહાણુભાવે ।
એવં મુણીણં અપડિન્નમાહુ ॥૧૯॥
ગંધેસુ વા ચંદણમાહુ સેટ્ઠં,

જહા સયંભૂ ઉદહીણ સેટ્ઠે, નાગેસુ વા ધરણિંદ માહુ સેટ્ઠે ।
॥ઓદએ વા રસ વેજયંતે, તવો વહાણે મુણિવેજયંતે ॥૨૦॥

આશા દીક્ષા લિના જાગી જાય છે.
આવ્યા વિનયચંદ્રજી પાસ, મારે દીક્ષા લેવી ખાસ,
નહિ વાર કરો હવે એક ક્ષણની....આ. ૬

ઓગણીસે સત્તાણું વર્ષે કાટકોલા ગામે હર્ષે,
માગશર સુદ પંચમીએ દીક્ષા થાય છે.
કરે છઠ છઠ તપ, પારણા માંહે ત્રણ દ્રવ્ય,
જ્ઞાન-વૃદ્ધિ કરવા બ્યાવર જાય છે.
થાયે મહા વિદ્વાન, શોભે તેજે જેમ ભાણુ,
ફેલે સર્વત્ર વાતો જેના યશની...આ. ૭

વિચરે ગુજરાત, સૌરાષ્ટ્ર, મારવાડ, મહારાષ્ટ્ર,
કર્નાટકને જગાડવાને જાય છે.
તીહાં જાગૃતિ બહુ થાય, નાસ્તિક આસ્તિક બની જાય,
જ્યોત ધર્મની ઝળહળ થાય છે.
એવી રીતે ઘણા ક્ષેત્ર, કર્યા ગુરુએ પવિત્ર,
કરી ઉન્નતિ જેણે જૈન સમાજની...આ. ૮

અજબ વાણીનો પ્રભાવ, મધુર શાંત સ્વભાવ,
નરનારી મળી સહુ ગુણ ગાય છે.
એવા ગુરુજીને આજ, મળી સર્વે સમાજ,
પૂજ્ય આચાર્યની પદવી અપાય છે.
સંવત બે હજાર ને વીશ, મહા સુદની ત્રીજ,
શોભા વધી બરવાળા સંપ્રદાયની...આ. ૯

વરતે આનંદ ઉલ્લાસ, ગુંજે જય જય નાદ,
જય જય હોજો સદાયે ગુરુદેવનો.
આવ્યા બહુ મેહમાન, કર્યા તેના સન્માન,
ડંકો વાગી રહ્યો છે જૈન ધર્મનો.
બરવાળા સંઘની માંય, નહિ ઉત્સાહ સમાય,
કરી સેવા એણે તન મન ધનથી...આ. ૧૦

ભક્તિ-ભાવ ધરી આજ, ગુણ ગાઉં ગુરુરાજ,
મસ્તક ઝુકાવીને આપના ચરણમાં.
મારા જીવનની આ નાવ, ભવથી પાર તો લગાવ,
આવ્યો આજે છું હું આપના શરણમાં.
આપો અક્ષયસુખનું સ્થાન, માગું એક જ એ વરદાન,
આ અરજી છે મુનિ સરદારની...
આ કહાની છે ચંપકમુનિરાજની...આ. ૧૧



જંગમ તીર્થ

વારૂ વારૂ રે તીરથ સાર, જંગમ હિતકારી,
ધન્ય ધન્ય એ જાત્રા સાર, કરજો નરનારી.
પેહલું તીરથ પુંડરીક ગણધર, ગૌત્તમાદિ અણગાર જો;
ભાવ ધરીને નિત્ય ગુરુ વંદું, તીરથમાં શીરદાર.
... જંગમ હિતકારી...વારૂ.

બીજું તીરથ બ્રાહ્મી સુંદરી, આદિ ચંદન બાળજો;
ગુણવંતા ગુરુણી ગુણ ગાવો, તીરથમંગળ માળ.
.. જંગમ હિતકારી....વારૂ.

ત્રીજું તીરથ શ્રાવક જાણો, એકવીસ ગુણ પરિમાણ જો;
શંખપોખલી આનંદાદિક, તત્ત્વ તણા ગુણજાણ.
....જંગમ હિતકારી....વારૂ.

ચોથું તીરથ જગમાં ઉત્તમ, જિનવરે કર્યા વખાણ જો;
શ્રાવિકા સુલસા જયવંતી, સતિયો ચતુર સુજાણ.
...જંગમ હિતકારી...વારૂ.

ચારો તીરથ ભાવ ધરીને, કરીએ આતમ કાજ જો;
ચારે ગતિના દુઃખ નિવારે, કહે ઉમેદચંદ્ર મહારાજ.
...જંગમ હિતકારી વારૂ.

-: જીનદેવ મુજને મળિયા :-

રાગ :- મારા મનના માલિક મળિયા...

જિનદેવ મુજને મળિયા, મારા ભવો ભવના પાતીક ટળિયા રે.
જિનદેવ મુજને મળિયા...

ગોવાળિયે ઉપસર્ગ દીધો, કાનમાં ખીલા નાખી;
પ્રભુજીએ સમતા રાખી, થર અશુભ કર્મના ગળિયા રે.
...જિનદેવ—૧

ચંડકોશિકે ડંશ જ દીધો, રૂધિર અનુપમ પીધું;
દેવલોક તેને તો દીધું, ટાળી ક્રોધ કસાયના દળિયા રે.
...જિનદેવ—૨

શેઠ સુદર્શન દર્શન કાજે નીકળ્યા અતિ ઉત્સાહે;
અર્જુન ગદા ઉછાળે, મદ ગર્વ યક્ષના ગળિયા રે.
...જિનદેવ—૩

અર્જુનમાળી જીવ હિંસામાં, રાખી નહિ કાંઈ ખામી;
અંતે મળ્યા મોક્ષ ગામી, જઈ સિદ્ધ જીવોમાં ભળિયા રે.
...જિનદેવ—૪

હો શરણાગત વત્સલ, ભાવ ધરી ગુણ ગાયા;
ચંપકમુનિ શરણે આયા, જેના પાપના દળિયા પળીયા રે.
...જિનદેવ—૫